

# ી આત્માનંદ પ્રકા



RI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ુસ્તક ૫૩
ંક ૮ મો

ફાગણ



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧. અંતરાત્મ હોરી ખેલન ... ... ... ... ... (શ્રી પાદરાકર) ૧૧૩
૨. જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ ... ...(શ્રી હીરાલાલ ર. કાપડિયા) ૧૧૪
૩. પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજીના ચોત્રીશમા જન્મદિને શુભેચ્છા... (શ્રી અમરચંદ માવજી) ૧૧૬
૪. નમિરાજર્ષિ... ... ... ... ... ... (મુનિશ્રી લક્ષ્મીસાગરજી) ૧૧૭
૫. કૌશામ્બીની રાણી મૃગાવતી : : ૪ ... ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૧૯
૬. જીવન અને આનંદ... ... ... ... ... (બચુભાઇ વાડીલાલ શાહ) ૧૨૩
૭. જીવનસૌન્દર્ય ... ... ... ... (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) ૧૨૪
૮. સાહિત્ય-સત્કાર ... ... ... ... ... ... ... ... ૧૨૬
૯. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ...ટા.પે. ૩


## આચાર્યશ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ.

આચાર્યશ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજ લીંચ મુકામે પોષ વદ ૧૪ ના કાળધર્મ પામ્યાની નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીનો જન્મ ભાવનગર પાસેના ખડસલીયા ગામે ૧૯૩૭ ના ફાગણ શુ. ૧૫ ના રોજ થયો હતો. તેમના પિતા વખતચંદભાઇ ધંધાર્થે ભાવનગર રહેવા આવ્યા અને ફુલચંદભાઇને લગ્નગ્રંથીથી જોડ્યા. ત્યારબાદ તેમને મોટી માંદગીમાંથી પસાર થવું પડયું. માંદગી દરમિયાન સંસારની અસારતાનું જ્ઞાન થતાં તંદુરસ્ત થતા જ પોતે દીક્ષા લેવાની પ્રતિજ્ઞા કરી અને પં. ગંભીરવિજયજી મહારાજની આજ્ઞાથી પં. મણિવિજયજી મહારાજ પાસે તેઓશ્રીએ અભ્યાસ કર્યો અને પં. ગંભીરવિજયજી મહારાજ પાસે સં. ૧૯૫૮ ના કા. વ. ૩ ના દીક્ષા અંગીકાર કરી તેઓશ્રી પં. મણિવિજયજી મહારાજના શિષ્ય થયા. શ્રી ફુલચંદભાઇના બદલે તેઓશ્રી કુમુદવિજયજીના નામથી ઓળખાવા લાગ્યા.

પં. ગંભીરવિજયજી મ.ની જેમ આચાર્યશ્રી વિજયકુમુદસૂરિજીનો પણ ભાવનગર ઉપર ઉપકાર હતો.

તેઓશ્રીનો સ્વભાવ નિખાલસ તેમજ મીલનસાર હોવાથી તેઓ સૌના પ્રિય થઇ પડ્યા હતા, એટલે સ્વ. સાગરાનંદસૂરીશ્વરજી પાસે તેઓશ્રીએ અભ્યાસ કર્યો અને સં. ૧૯૫૬ માં ગણિપદ તથા સં. ૧૯૯૨ માં આચાર્ય પદ તેઓશ્રીના હાથે જ મેળવેલ તેમજ પં. સુંદરવિજયજી મહારાજ પાસે સં. ૧૯૭૮ માં પાલીતાણાખાતે પંન્યાસપદ તથા આચાર્ય વિજયનેમીસૂરીશ્વરજી પાસે ઉપાધ્યાય પદ મેળવ્યું હતું. પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપનો, ઉપધાનો આદિ ઉપર તેઓશ્રીને રસ હતો તેમ પ્રાચીન સાહિત્યના ઉદ્ધાર માટે પણ તેઓશ્રીએ સારો રસ ધરાવી લગભગ પંદર હસ્તલિખિત પ્રતોનું પ્રકાશન કરાવ્યું હતું.

જ્ઞાન અને ક્રિયાના ઉપાસક આવા એક સમભાવી આચાર્યનો જૈન સમાજને પડેલ ખોટ માટે અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને સ્વર્ગસ્થના આત્માને ચિરશાન્તિ પ્રાપ્ત થાય તેવી શ્રદ્ધા સાથે તેઓશ્રીનો શિષ્યવર્ગ મુનિશ્રી મેરુવિજયજી આચાર્યદેવના પગલે ચાલી જૈન શાસનની વધુ ને વધુ સેવા કરવા તત્પર થાઓ એમ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીના સ્વહસ્તે લખાયેલ "નયચક્રસાર"ની અપ્રાપ્ત પ્રત પ્રાપ્ત થયાના

# અતિ આનંદજનક સમાચાર

દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ શ્રી નયચક્રસારનુ સંશોધન પૂજ્ય જંબૂવિજયજી મહારાજ અથાગ શ્રમ લઇને કરી રહ્યા છે તે મહાન્ ગ્રંથની પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સ્વહસ્તે લખેલ અપ્રાપ્ત પ્રત પ્રાપ્ત થયાના સમાચાર અમને મળતાં તે આ નીચે રજૂ કરીએ છીએ. અને આવો અમૂલ્ય ગ્રંથ પ્રાપ્ત થવાથી તેના સંપાદકોને જે અપૂર્વ આનંદ થયો છે તેમાં અમે અમારો હર્ષ ઉમેરીએ છીએ. —તંત્રીમંડળ.

જિનપ્રવચનપ્રભાવક આચાર્ય ભગવાન શ્રી ૧૦૦૮ મલ્લવાદિ ક્ષમાશ્રમણરચિત તથા સિંહસૂરિગણિવાદિ ક્ષમાશ્રમણરચિત ટીકા સહિત દ્વાદશાર **નયચક્રનાં** સંશોધન તથા સંપાદનનું કાર્ય આજથી લગભગ દશ વર્ષ પહેલાં પુણ્યનામધેય પૂજ્યપાદ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના આદેશથી મેં સ્વીકારેલું છે. મુદ્રિત–અમુદ્રિત સંસ્કૃત, પ્રાકૃત, ટિબેટન, ચીની આદિ અનેક ભાષાઓના અને અનેક દર્શનોના ગ્રંથોને દેશવિદેશમાંથી એકઠા કરીને અમે નયચક્રના સંશોધનમાં ઉપયોગ કર્યો છે. ભાવનગરની **જૈન આત્માનંદ સભા** તરફથી એ ગ્રંથ પ્રગટ થવાનો છે. નયચક્રના સાત આરા ( ૫૫૨ પાનાં ) જેટલો ભાગ છપાઇ ગયો છે. થોડાં ટિપ્પણો ( Additional Notes ) છાપવાનાં બાકી છે એ છપાય કે તરત જ પ્રથમ ભાગ પ્રગટ કરવામાં આવશે.

આ નયચક્રનું સંપાદન મુખ્યતયા બે જાતની હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે. પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવાન શ્રી યશોભદ્રવિજયજી મહારાજે નયચક્ર ગ્રંથ અત્યંત દુર્લભ હોવાથી એક પ્રાચીન પ્રતિ ઉપરથી અનેક સાધુઓ સાથે મળીને એક જ પખવાડિયામાં ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ નયચક્રની પ્રતિ લખીને તૈયાર કરેલી. ( આ વિષે મારા કેટલાક લેખો આત્માનંદ સભા–ભાવનગરના આત્માનંદ પ્રકાશ માસિકમાં કેટલાક વર્ષ પહેલાં છપાઈ ગયા છે. ) પરંતુ આ પ્રતિ ઘણી તપાસ કરવા છતાં પણ અમને મળેલ નહિ. એટલે એના ઉપરથી કરવામાં આવેલી નકલોને અમે અનેક ગ્રંથભંડારોમાંથી એકઠી કરીને અમારા સંશોધનમાં ઉપયોગ કર્યો છે. એ બધી પ્રતિઓ ઉપા. શ્રી યશોભદ્રવિજયજી મહારાજની પ્રતિ ઉપરથી જ તૈયાર થયેલી હોવાથી અમે તેની ય૦ એવી સંજ્ઞા રાખી છે. ભાવનગરની શ્રી ડોસાભાઇ અભેચંદની પેઢીના ભંડારમાંથી પણ આ ઉપરાંત એક પ્રત મળી છે કે જે અચળગચ્છના આચાર્યે સં. ૧૬૫૦ આસપાસ લખાવેલી છે. આની અમે ભા૦ સંજ્ઞા રાખી છે. ભાવનગરની જે પ્રતિ છે તે અમે જાણીએ છીએ ત્યાં સુધી વિશ્વમાં એક જ છે. ય૦ અને ભા૦ બંને પ્રતિઓમાં પરસ્પર ઘણી જ વિશિષ્ટતા રહેલી છે. એ વિષે અમારા નયચક્રના પ્રકાશનમાં કહેવામાં આવશે. અહીં તો એ જ જણાવવાનું છે કે ઉપાધ્યાય ભગવાન શ્રી યશોવિજયજી મહારાજના સ્વહસ્તાક્ષરથી લખાયેલી જે નયચક્રની પ્રતિ અપ્રાપ્ત હતી તે પૂણ્યનામધેય પૂજ્ય મુનિરાજ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજે શોધી કાઢી છે. સમગ્ર જૈન સંઘને તથા વિદ્વાનોને અત્યંત આનંદજનક આ સમાચાર આપતો તેમનો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે, જેમાંથી ઘણું ઘણું જાણવા મળશે.

**લિ. મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિ જંબૂવિજય.**

**મહા વદી ૧૦, પાલીતાણા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુ. અમદાવાદ ૨૦૧૨ મહાવદિ ૯ મંગળ. લુણસાવાડો, મોટી પોળ સામે, જૈન ઉપાશ્રય.

મુનિ પુણ્યવિજય તરફથી મુ. પાલીતાણા. શ્રી જંબૂવિજયજી તથા પિતૃગુરુશ્રી આદિ યોગ્ય સબહુમાન સસ્નેહ અતિ આનંદપૂર્ણ હૃદયે વંદના માનશો.

આજે હું આપને અતિ આનંદપૂર્ણ સંભૃત હૃદયે પત્ર લખું છું. આપના પણ આનંદનો પાર નહિ રહે. આપ પણ જાણીને નાચવા લાગશો કે શ્રી યશોવિજયજી મહારાજે અને તેમના વડીલોએ મળીને જે નયચક્રની પ્રતિની નકલ કરી હતી તે ગઈ કાલે સં. ૨૦૧૨ ના મહાવદી ૮ ને સોમવારના દિવસે શ્રી મહેન્દ્રવિમલજી મહારાજના ભંડારમાંથી આપણને મળી આવી છે. આપના કામમાં–શ્રમમાં નવો આનંદપૂર્ણ ઉમેરો થયો છે. આ નવો શ્રમ આપને આનંદજનક જ થશે. મને તો પ્રતિ જોતાં અંતરમાં હર્ષ જ માયો નથી. આપને પણ તેમજ થશે. આ આનંદ–વધામણીથી દરેક અહીં ફૂલી ગયા છે.

વિ. ઇંડિઆ ઓફિસને પ્રતિઓ મોકલાઈ નથી. તેમાં આળસ કે વિસ્મૃતિ કારણ નથી, પણ વડોદરાવાળાએ પ્રતિ મોકલાવી નથી. મેં ઉમાકાન્તને પત્ર લખ્યો છે. તરત જ પ્રતિ આવશે એટલે સત્વર આ સપ્તાહમાં રવાના થઈ જશે તે ખાત્રી રાખશો.

તમે ક્યાં છો તે જણાવશો એટલે નયચક્રની પોથી મોકલાવીશ.

બાકી આનંદ મંગળ છે. ગિરિરાજમાં હો તો યાત્રામાં યાદ કરશો. આપને હું પણ યાદ કરું છું.

મેં, ડભોઇ ગયો ત્યારે યશોવિ૦ મ૦ ની સમાધિ પાસે ઘણી ઘણી આ પ્રતિ પ્રાપ્ત થવા માટે સાશ્રુનયને પ્રાર્થના કરી હતી. આ વખતે તે ફળી ગઈ છે.

આનંદમાં રહેશો. પિતાજીનાં ચરણોમાં વારંવાર વંદન અર્જ કરશો.

પ્રતિ ૧૭૧૦ માં લખેલી છે. છ જણાએ મળીને લખી છે. પંદર દિવસમાં પૂર્ણ કરી છે.

સાથે સાથે એક ખુલાસો કરી દઉં કે આ પ્રતિ મળવામાં મને યશ લાધે છે તે કરતાં ખાસ વધારે યશ પં૦ શ્રી રમણિકવિજયજીને છે કારણ કે આ ભંડાર જોવાનો ઉપશ્રમ તેમણે જ કર્યો છે અને તેમ કરતાં ત્રણ ગ્રંથો લાધ્યા છે.

૧ વાદમાલા–મુદ્રિત કરતાં જુદો.

૨ વીતરાગ સ્તોત્ર–અષ્ટમ પ્રકાશની વૃત્તિ સ્વહસ્તની પગથીઆના ઉપાશ્રયથી મળી હતી તે કરતાં વિશિષ્ટ અને સહેજ અધૂરી હોવા છતાં પૂર્ણપ્રાય મળી છે. વિશેષમાં આનું જ નામ 'સ્યાદ્વાદરહસ્ય' એમ એક ઠેકાણે માર્જીનમાં લખ્યું છે.

૩ નયચક્ર–જેનું વર્ણન ઉપર કર્યું છે તે.

આ પ્રમાણે આ વર્ષ અને આ દિવસ આપણા જીવનમાં સંભારણારૂપ બની ગયેલ છે. જીવનમાં જે કેટલાક અતિવિશિષ્ટ મંગલમય દિવસો અને ક્ષણો ગણાય છે તે આ છે, એમાં ફરક નથી.

આપનું સંશોધન ઘણું આદરણીય અને સ્મરણીય બની જશે. શ્રમમાં ઉમેરો પણ આનંદદાયી જ થશે.

મને લાગે છે જેવી ઉદાત્ત ભાવનાથી આપણે કાર્યની શરૂઆત કરી છે તેવી જ સામગ્રી પણ મળતી જ રહી છે. આ સમાચાર તેમાં પૂર્ણવિધિરૂપ થશે.

લી૦ પુણ્યવિજયજીની સબહુમાન આનંદભરભૃત હૃદયે વંદના માનશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ ફાગણ પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ અંક ૮ મો


## અંતરાત્મ હોરી ખેલન

( હોરી )

હોરી, ખેલો વસંત ભયોરી ! ટેક૦

અસંખ્ય આત્મપ્રદેશ સુરંગજ, સમ્યગ્દર્શન હોરી !
નિજ ગુણ ખેલન ભાવ-વસંતે, ગુણસ્થાનક વિકસ્યોરી !
ઉજ્વળ ચાંદ ખિલ્યોરી ! હોરી૦ ૧

પરપરિણતિ તજ, સહજ સ્વભાવે, જ્ઞાન સખા, મતી ગોરી !
સુરુચિ કેશર, સ્વગુણ રમણભર, છાંટો હોરી-હોરી !
પરમ પ્રમોદ ભયોરી ! હોરી૦ ૨

ધ્યાન સુધારસ, પાન મગનતા, સહજ સ્વભોગ લહ્યોરી !
રીઝ એકત્વતા, તાન મેં વાજે, સન્મુખ યોગ વહ્યોરી !
અનાહત નાદ બજ્યોરી ! હોરી૦ ૩

શુક્લધ્યાન હોરીકી જ્વાલા, કર્મ કઠોર જલ્યોરી !
શેષ પ્રકૃતિદલ ક્ષીરણ નિર્જરા, ભસ્મ ખેલત અતિ જોરી !
સુમતિ સખી તાલી દીયોરી ! હોરી૦ ૪

નિજગુણ રંગ, નિજાતમ કુંડી, સભર સમ્યક્ત્વ ભર્યોરી !
અપૂર્વ વીર્યોલ્લાસ પરમપદ, પીચકારી ઉછેર્યોરી !
સખિ ! લાલન રંગરેરી ! હોરી૦ ૫

સબ સખીયન નય-નિક્ષેપાદિ, આવત હીલમીલ ટોરી !
રંગત લાલ સુરંગ મણિમય, રસબસ અંગ કર્યોરી !
અલખ-લખ મસ્ત ભયોરી ! હોરી૦ ૬

—પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ

( લે.—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

અલંકારોના બે વર્ગ પડાય છે: ( ૧ ) શબ્દ-અલંકાર અને ( ૨ ) અર્થ-અલંકાર. શબ્દ-અલંકારના અનેક પેટાવર્ગ છે. તેમાંનાં એકનું નામ 'ચિત્ર' છે. એ ચિત્રઅલંકારના વિવિધ પ્રકારો છે. તેમાંનો એક પ્રકાર તે "આકાર-ચિત્ર" છે. એનાથી અલંકૃત પદ્યની ખૂબી એ છે કે એના અક્ષરો એવા પસંદ કરાએલા હોય છે કે એ દ્વારા અશ્વ, સર્પ ઇત્યાદિ સજીવ પદાર્થોનો તેમજ કમળ, તરવાર, ચામર જેવા અજીવ પદાર્થોનો આકાર રજૂ થાય છે. આવા આકાર-ચિત્રથી શોભતાં કાવ્ય રચનારને 'ચિત્ર-કવિ' કહે છે. આ ચિત્ર-કવિઓના ધર્મ અનુસાર બે વર્ગ પાડી શકાય: જૈન અને અજૈન. જે અજૈન ચિત્ર-કવિઓએ જૈન મુનિવરોની સ્તુતિ કરી છે તેમને વિષે હું આ લેખમાં નિર્દેશ કરવા ઇચ્છું છું.

જૈન સમાજ 'પંજાબોદ્ધારક' વિજયાનન્દસૂરિ ઊર્ફે **આત્મારામજી** મહારાજશ્રીનાં નામ અને કામથી સુપરિચિત છે. એમની બે વિદ્વત્તાપૂર્ણ કૃતિઓથી [1]**જૈનતત્ત્વાદર્શ** અને [2]**અજ્ઞાનતિમિરભાસ્કર**થી આકર્ષાઇને [3]યોગજીવાનંદસ્વામી ઊર્ફે **યોગાનંદસ્વામી**-એ ૭૮ વર્ષની વયે વિ. સં. ૧૯૪૮માં ભિન્ન ભિન્ન ૫૧ અર્થવાળું અને "હાર-બંધ"થી વિભૂષિત પદ્ય 'સ્રગ્ધરા' છંદમાં ગીર્વાણગિરામાં રચી એ સૂરિજીની સ્તુતિ કરી છે. આ પદ્યનો પ્રારંભ "**योगा भोगानुगामी**"થી થાય છે. આ સમગ્ર પદ્ય સચિત્ર સ્વરૂપે, મારે હાથે સંપાદિત અને પ્રકાશિત થયેલા **નવતત્ત્વ-સંગ્રહ** નામના પુસ્તકમાં વિ. સં. ૧૯૮૮માં છપાવાયું છે. વળી એ પદ્ય "મુંબઇ વિદ્યાપીઠ" તરફથી કટકે કટકે મારો જે અંગ્રેજી લેખ નામે "Illustrations of Letter-diagrams" (આકાર-ચિત્રોનાં ઉદાહરણો) છપાય છે તેનો જે પ્રથમ હપ્તો બે વર્ષ ઉપર (ઇ. સ. ૧૯૫૪માં) પ્રસિદ્ધ થયો હતો તેમાં પણ અપાયું છે. આ ઉપરાંત આ પદ્ય એના એકાવન જ નહિ પરંતુ બોંતેર (૭૨) અર્થો રજૂ કરતી કૃતિ નામે **આત્માનંદહ્લાસ-પ્રતિ**માં ઇ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ કરાયું છે. વિશેષમાં "જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ"માં પ્રારંભમાં આ પદ્ય ચિત્ર સહિત અને પૃ. ૨૦૮માં આ મૂળ પદ્ય અને ત્યાર પછીનાં પૃષ્ઠમાં પં. માધવાનંદ શાસ્ત્રીએ કરેલા કેટલાક સંસ્કૃત અર્થ સાથે છપાવાયેલ છે.

પં. વૈજનાથે ઉપર્યુક્ત પદ્યના ૭૨ અર્થ કર્યા છે. એ જ પંડિતે 'પંજાબકેશરી' વિજયવલ્લભ-સૂરિજીને અંગે એકાવન અર્થવાળું અને "હાર-બંધ"થી શોભતું એક સંસ્કૃત પદ્ય રચ્યાનું મેં સાંભળ્યું છે. શું એ વાત સાચી છે? એ પદ્ય કોઇ સ્થળેથી પ્રસિદ્ધ કરાયું છે ખરું?

સુરતમાં ગોપીપુરામાં જે વિવિધ ઉપાશ્રયો છે તેમાંના એકને "હુકમમુનિનો આસરો" એ નામે ઓળખાવાય છે. આ હુકમ મુનિની સંસ્કૃતમાં સોળ પદ્યોમાં સ્તુતિ રામચન્દ્ર દીનાનાથ શાસ્ત્રીએ કરી છે. સ્તુતિ **હુકુમરંજની** નામની સંસ્કૃત ટીકા અને ગુજરાતી બાલાવબોધ તેમજ નવ ચિત્રો સહિત **અનુભવ જૈન હુકમપ્રકાશ**[4] યાને **વિચિત્ર**

---

૧-૨. આ બંને કૃતિઓ વિ. સં. ૧૯૩૮ અને ૧૯૪૨માં અનુક્રમે પૂર્ણ કરાઇ હતી.

૩. એમની જીવનરેખા કોઇએ આળેખી છે?

૪ આ પુસ્તક મેં ઘણાં વર્ષો ઉપર જોયું હોય એમ મને લાગે છે પણ એ વાત હું ભૂલી ગયો હતો. હાલમાં મારો ચિત્ર-કાવ્યનો પહેલો હપ્તો જોતાં શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ સોના-ચાંદીવાળાએ આ પુસ્તક તરફ મારું ખાસ લક્ષ્ય ખેંચ્યું, એ બદલ હું એમનો આભારી છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જ્ઞાનોપદેશ ગ્રંથ** નામના પુસ્તક (પૃ. ૧૦૧-૧૦૪) માં વિ. સં. ૧૯૫૨માં છપાવાઇ છે. આ સ્તુતિ વિ. સં. ૧૯૧૬માં રચાઇ છે. પહેલાં નવ પદ્યો અનુક્રમે નીચે મુજબના બંધથી વિભૂષિત છે:—

છત્ર, બાર પાંખડીનું કમળ, હાર, ધનુષ્ય, છ આરાનું ચક્ર, ગોમૂત્રિકા, ચાર આરાનું ચક્ર, દેવ-છત્ર અને રાજ-ચામર.

અગિયારમું પદ્ય એકાક્ષરી-કેવળ 'લ' અક્ષરોથી રચાયેલું છે. તેરમું પદ્ય બહિર્લાપિકાથી વિભૂષિત છે. સોળમું પદ્ય કર્તાનાં નામ અને રચના-વર્ષ પૂરાં પાડે છે.

ઉપર્યુક્ત નવ બંધો પૈકી ગોમૂત્રિકા એ 'ગતિ-ચિત્ર' નામના અલંકારનો એક પ્રકાર છે, જ્યારે બાકીના બંધો આકાર-ચિત્રના પ્રકારો છે. એમાં છત્ર-બંધ બે રીતે રજૂ થએલો છે. પહેલો બંધ સામાન્ય કોટિનો છે, જ્યારે બીજો એનાથી ચડિયાતો છે-વિશિષ્ટ કોટિનો છે. એ વિશિષ્ટ કોટિના બંધમાં રચાયેલાં અનેક પદ્યો સંસ્કૃત સાહિત્યમાં નજરે પડે છે, જ્યારે ગુજરાતી સાહિત્યમાં તો આ રીતના બંધવાળું એકે પદ્ય જોવાતું નથી. આ પરિસ્થિતિમાં મેં રચેલું નીચે મુજબનું પદ્ય હું રજૂ કરું છું અને એના જેવા સંસ્કૃત પદ્યના ચિત્ર માટે મારા ઉપર્યુક્ત અંગ્રેજી લેખનો પહેલો હપ્તો જોવા સૂચવું છું:-

અશ્વસેનતણા હીર ! અકર્મક શિવંકર;
મન મારું બનો લીન, મતમાં તુજ હે જિન !

બાર પાંખડીના કમળને લગતું પદ્ય સ્રગ્ધરા છંદમાં છે. એના પ્રત્યેક ચરણમાં સાત સાત અક્ષરે 'યતિ' છે. આમાં જે એકંદર બાર યતિ છે તેમાં દરેક સ્થળે "લં" અક્ષર છે. એ આ કમળની કર્ણિકાની ગરજ સારે છે, પ્રત્યેક પાંખડીમાં છ છ અક્ષર છે. આ બંધમાં કર્તાના નામ વગેરે રજૂ કરવા જેવી કોઈ વિશેષતા નથી.

હાર-બંધથી વિભૂષિત પદ્ય પણ સ્રગ્ધરામાં છે અને એની રચના આત્મારામજીને અંગે રચાયેલા પદ્યને બરાબર મળતી આવે છે.

ધનુષ્ય-બંધની રચના એ જાતનાં અન્ય સંસ્કૃત પદ્યોની રચનાને લગભગ મળતી આવે છે. એ બાબત મારો જે બીજો હપ્તો હાલમાં સચિત્ર છપાયો છે તે જોવાથી જણાશે.

ચક્રને ચાર, છ, આઠ ઈત્યાદિ વિવિધ સંખ્યામાં આરા હોય છે અને એ જાતજાતનાં ચક્રને લગતાં પદ્યો સંસ્કૃતમાં રચાયેલાં મળે છે. એના કેટલાક નમૂના મારા ઉપર્યુક્ત લેખના બે હપ્તા પૂરા પાડે છે.

ઉપર્યુક્ત **અનુભવ જૈન હુકમપ્રકાશમાં** જે ચાર આરાનું તેમજ છ આરાનું ચક્ર રજૂ કરતું એકેક પદ્ય છે તેવું પદ્ય ગુજરાતીમાં રચાયેલું નહિ જણાવાથી મેં એક પદ્ય રચ્યું હતું અને એ "ચક્ર-બંધ" નામના મારા લેખમાં કે જે "અખંડ આનંદ"ના દીપોત્સવી-અંક (વ. ૮, અં. ૧)માં અપાયું છે. ઉપર્યુક્ત પુસ્તકમાંના ચક્ર-બંધમાં અન્યત્ર બજણાતી કોઇ વિશેષતા નથી.

ચામર-બંધને અંગે સંસ્કૃતમાં તેમજ હિન્દીમાં પદ્યો રચાયેલાં છે. તેના કરતાં દાંડી સિવાયની બાબતમાં કંઇક જુદી રીતે આ બંધને રજૂ કરતું પદ્ય ઉપર્યુક્ત પુસ્તકમાં નજરે પડે છે. એની પ્રતીતિ માટે મારા લેખનો બીજો હપ્તો કામ લાગે તેમ છે. સ્વ. ડાહ્યા-ભાઇ ધોળશાજીએ ગુજરાતીમાં "ચામર-બંધ"થી અલંકૃત પદ્ય રચ્યાનું મેં સાંભળ્યું છે, પણ એ હજી સુધી તો અપ્રાપ્ય છે.

સુરતમાં આજે "મોહનલાલજીનો અપાસરો" તરીકે સુપ્રસિદ્ધ ઉપાશ્રય, 'વચનસિદ્ધિ' માટે પ્રખ્યાતિ પામેલા મોહનલાલજી મહારાજનું સ્મરણ કરાવે છે. એ મહારાજશ્રીનું સંસ્કૃતમાં સોળ સર્ગમાં સંસ્કૃતમાં જીવનચરિત્ર રચાયેલું છે. એ પુસ્તકનું નામ "શ્રી-મોહનચરિતં" રખાયું છે. એના પહેલા આઠ સર્ગ દામોદર ગોવિન્દ શર્માએ અને બાકીના સર્ગ રમાપતિ મિશ્રે રચ્યા છે. વિશેષમાં સોળે સર્ગનો ગુજરાતી અનુવાદ સહિત આ સંસ્કૃત ગ્રંથ વિ. સં. ૧૯૬૬ માં પ્રકાશિત થયેલો છે. એના અંતમાં મોહનલાલજી મહારાજની સ્તુતિરૂપે બે પદ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ પદ્ય આઠ પાંખડીના કમલ–બંધથી અને દ્વિતીય પદ્ય મુરજ–બંધથી અલંકૃત છે. આ પદ્યો કોણે રચ્યા તે જાણવું બાકી રહે છે.

ઉપર્યુક્ત કમળને લગતું પદ્ય નીચે મુજબ છેઃ–

"मोहग्राहद्रहद्रोहवह ! स्नेहनहग्रह !
मोदग्रामे द्रवद्रोषे यस स्नेहनयं ग्रस ॥ "*

આની કમળ તરીકેની રચનામાં 'ह' કર્ણિકાને સ્થાને છે. પ્રથમ ચરણના એકી અક્ષરો એકેક પાંખડીને મથાળે મૂકવાના છે. બીજા ચરણના એકી અક્ષરો એ સાથે સમાનતા ધરાવે છે. એટલે એ ચરણના બાકીના આઠ અક્ષરો બબ્બે પાંખડીની વચ્ચે એકેક એ ક્રમે લખવાના છે. જેમકે પહેલી અને બીજી પાંખડીના मो અને ग्रा ની વચ્ચે द्र.

જે કૃતિઓ મારા જોવામાં આવી છે તેનો મેં અહીં નિર્દેશ કર્યો છે. આ જાતની અન્ય કૃતિઓ હોય તો તે તરફ મારું લક્ષ્ય ખેંચવા તજ્જ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

* મુદ્રિત પુસ્તકમાં આ પદ્ય અશુદ્ધ છપાયેલું છે. એટલે મેં અહીં એ સુધારી રજૂ કર્યું છે.

---

પૂજ્ય મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજશ્રીનાં શિષ્યરત્ન સાહિત્યઉપાસક મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબનાં

## ૩૪ મા જન્મદિને શુભેચ્છા

( હરિગીત )

મુમુક્ષુઓનાં હૃદયમાં, વાણીતણાં ઝરણાં વહે;
નિત્ય રહી આનંદમાં, નિજ આત્મરમણમાં રહે. ૧

રાચે નહિં પરભાવમાં, મુનિ મહાવ્રત પાળતા;
જન્મદિન એવા મુનિનો, આનંદ ઉપજે ઉજવતા. ૨

શ્રી ભુવનવિજય સુશિષ્યરત્ન, ચોત્રીસ વર્ષે પ્રવેશતા;
જંબુવિજય મહારાજશ્રીને, અભિનંદન અર્પતા. ૩

બુદ્ધિ પ્રભાવ વિસ્તારીયો, જગતનાં સૌ દેશમાં;
વિજય પામ્યા વિશ્વમાં, સાહિત્યનાં ચોગાનમાં. ૪

જયંતિ ઉજવાય છે, શ્રી 'તાલધ્વજગિરિ' રાજમાં;
યશ કીર્તિ આપની, પ્રસરો શ્રી જૈન સમાજમાં. ૫

જીવનતણી સરિતા વહી, 'નયચક્ર'નાં પ્રકાશમાં;
મહારાજ 'પિતા–પુત્ર'ને, છે 'ગુરુશિષ્ય'નાં રૂપમાં. ૬

હાર શબ્દનાં પુષ્પનો, ગૂંથી અમારા હૃદયમાં;
રાજી થયા પાવન થયા, પહેરાવી આપના કંઠમાં ૭

જગતમાં કહેવાય છે, બહુરત્ના છે વસુંધરા;
જીવો ઘણું 'જંબુવિજય', શુભાશિષ 'અમર'તણાં. ૮

સંવત ૨૦૧૨ નાં મહા શુદ ૧ રવિવાર
તાલધ્વજ–તીર્થ

ગુણાનુરાગી
અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન...મિ...રા...જ...ર્ષિ

લેખક—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી**

જમ્બૂદ્રીપના ભરતક્ષેત્રમાં સુદર્શના નગરીમાં મણિરથ નામે રાજા હતો, રાજાનો ભાઇ યુવરાજ યુગબાહુ હતો. તેની સ્ત્રીનું નામ મયણરેહા, તેના રૂપમાં મણિરથ અંધ બન્યો. તેને પોતાની કરવા તેણે અનેક યુક્તિઓ કરી, પણ નિષ્ફળતા મળી. મયણરેહા સગર્ભા હતી તે વખતે મણિરથ રાજાએ તેના ભાઇ યુવરાજ યુગબાહુને માર્યો. સતી મયણરેહા શિયળ રક્ષણ અર્થે નાઠી અને જંગલમાં જઇને રહી. ત્યાં તેને બાળકનો જન્મ થયો. એક વાર બાળકને તેના પિતાના નામની વીંટી પહેરાવી લુગડાની ઝોળીમાં ઝાડની ડાળે લટકાવી, પોતે તળાવમાં સ્નાન કરવા ગઇ. પાછળથી મિથિલા નગરીનો રાજા પદ્મરથ વનક્રીડા અર્થે નીકળેલો તેણે ઝાડની ડાળે ઝોળીમાં રહેલ બાળકનું રુદન સાંભળી તે બાળકને લઇ ગયો અને પોતાની મુખ્ય રાણીને સોંપ્યો. પોતે પુત્રજન્મ મહોત્સવ કર્યો. તે પુત્ર આવ્યા પછીથી ઘણા રાજાઓએ આવીને પદ્મરથનું સ્વામિત્વ સ્વીકાર્યું તેથી પુત્રનું ગુણનિષ્પન્ન નામ નમિકુમાર પાડ્યું. તળાવમાં નહાવા ગએલી સતી મયણરેહાને જળક્રીડા કરતાં હાથીએ અદ્ધર ઉછાળી તેવામાં વિદ્યાધરે આવી તેને ઝીલી લીધી. તે વિદ્યાધર તેના પિતા જે મુનિ થયા હતા તેમના દર્શનાર્થે મયણરેહા સહિત ગયો. મુનિએ ધર્મદેશના આપી. દેશના સાંભળી સતી મયણરેહાની ઇચ્છાથી વિદ્યાધરે તેને મિથિલા નગરીમાં સુવ્રતા સાધ્વીજી પાસે મૂકી અને તેણે તે જ સાધ્વીજી પાસે દીક્ષા લીધી. હવે નમિકુમાર યુવાન થયા. તેમના પિતાએ તેમને રાજ્યકારભાર સોંપી પોતે દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું. નમિરાજના મોટાભાઇ ચંદ્રયશ સુદર્શના નગરીમાં રાજ્ય કરવા લાગ્યા. એક વખતે નમિરાજનો શ્વેત હસ્તી હસ્તીશાળામાંથી નાસી ગયો અને ચંદ્રયશના રાજ્યમાં આવ્યો. ચંદ્રયશે તેને પકડી પોતાની હસ્તીશાળામાં બાંધી દીધો. બંને ભાઇઓ સગાભાઇઓ છે તે તેઓ જાણતા નહોતા. નમિરાજે હાથીની બાતમી મેળવી ચંદ્રયશને પોતાનો હાથી મોકલાવી આપવાનો સંદેશો પાઠવ્યો. યુદ્ધ જાહેર થયું અને બન્ને બાજુનાં લશ્કરો સામસામા ચડી આવ્યાં. દારુણ યુદ્ધ જામ્યું. નમિરાજના હલ્લાથી ચંદ્રયશ નાઠો અને પોતાના શહેરમાં આવી ભરાઇ રહી અંદરથી યુદ્ધ કરવા લાગ્યો. નમિરાજે શહેર ફરતો ઘેરો ઘાલ્યો અને યુદ્ધ ચાલુ રાખ્યું. સાધ્વી શ્રી મયણરેહાને બન્ને ભાઇઓના યુદ્ધની જાણ થઇ. વિના કારણે હજારો નિર્દોષ મનુષ્યોનો સંહાર થતો અટકાવવા માટે બન્ને ભાઇઓને સમજાવવા તેમણે ગુરુણીજીની આજ્ઞા માગી. ગુરુણીજીએ આજ્ઞા આપી અને સાધ્વી મયણરેહા નમિરાજ પાસે આવ્યાં. નમિરાજ સાધ્વીજી પોતાની માતા છે તેમ જાણતા ન હોતા પણ સાધ્વીજી પોતાની પાસે આવ્યા છે એમ જાણી નમિરાજે તેમનું ખૂબ સન્માન કર્યું. સાધ્વીજીએ સંસારની અસ્થિરતા, યુદ્ધનાં પરિણામો અને પરિણામે દુર્ગતિનાં દુઃખો સમજાવ્યાં. પોતે કોણ છે અને નમિરાજ કોની સાથે લડાઇ કરી રહેલો છે તે પણ સમજાવ્યું. નમિરાજ સમજ્યા. યુદ્ધથી મન આળસ્યું, પણ 'હું' પણાનું થોડુંક ઝેર હતું, તેથી પોતે પહેલાં ક્ષમા માગવા જવાને કબૂલ ન થયા. સાધ્વી મયણરેહા તેમના મનોભાવને જાણી ગયાં, એટલે તુરત જ પોતે ચંદ્રયશની પાસે ગયા અને તેને સર્વ વાત કહી. ચંદ્રયશે પૂછ્યું "મારો નાનો ભાઇ ક્યાં છે?" જવાબમાં સાધ્વીજીએ નમિરાજની ઓળખાણ આપી. એ ખબર સાંભળતાં જ પોતાના ભાઇને મળવા માટે હથિયારો હેઠાં મૂકીને ચંદ્રયશ દોડ્યો. નમિરાજને ખબર મળતાં તે પણ સામે આવ્યાં. બંને ભાઇઓ ભેટ્યા અને પ્રેમાશ્રુ વહાવ્યા. એ રીતે યુદ્ધ અટક્યું. ચંદ્રયશે નમિરાજને રાજ્ય ભળાવી પોતે ચારિત્ર લઇ આત્મકલ્યાણ કર્યું. નમિરાજ હજાર સ્ત્રીઓ પરણ્યા અને બંને રાજ્યોનું ન્યાયથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલન કરવા લાગ્યાં. એક વખતે નમિરાજના શરીરમાં દાહજ્વરની દારૂણ વ્યાધિ ઉત્પન્ન થઇ. શરીર દાહથી બળવા લાગ્યું. દાહને શાન્ત કરવા ચંદનનું વિલેપન વૈદે બતાવ્યું. એકી સાથે હજાર રાણીઓ ચંદન ઘસવા લાગી. ચંદન ઘસવાનું કામ થવા લાગ્યું. પણ સાથે બે હજાર હાથમાં રહેલાં કંકણોનો અવાજ એટલો બધો ઘોર બન્યો કે પરિણામે રાજાને અશાન્તિ વધી. મંત્રીને બોલાવી આ ઘોંઘાટ બંધ કરવાની તેમણે સૂચના કરી. મંત્રીએ એ ખબર રાણીઓને આપી. રાણીઓએ સૌભાગ્યચિહ્નરૂપે એકેક ચૂડી-કંકણ હાથમાં રાખી બાકીનાં ઉતારી નાખ્યાં, અને ચંદન ઘસવાનું ચાલુ રાખ્યું એટલે અવાજ બંધ થયો. રાજાએ ફરી મંત્રીને પૂછયું; કેમ, ચંદન ઘસાતું બંધ થયું છે કે શું? મને દાહ ખૂબ થાય છે અને ચંદન ઘસવાનું કેમ બંધ કરાવ્યું? જવાબમાં મંત્રીએ કહ્યું–મહારાજ! ચંદન ઘસવાનું ચાલે છે, પણ અવાજ બંધ થવાનું કારણ તો સર્વ રાણીઓએ સૌભાગ્ય ચિહ્નની એકેકી ચૂડી રાખી બાકી સર્વ ઉતારી નાખી છે. એક હોય ત્યાં ઘોંઘાટ ન જ થાય ને? આ સાંભળી પૂર્વ સુકૃત યોગે રાજાને એકત્વ ભાવના જાગી અને સમજાયું કે જ્યાં બે છે ત્યાં જ બંધન છે, ત્યાં જ ઘોંઘાટ છે. ત્યાં જ અશાન્તિ હોય છે. તો આ વ્યાધિ મટે કે તુરત જ એકત્વ સ્વીકારવું. થોડા દિવસોમાં વ્યાધિ મટ્યો અને નમિરાજ રાજ્યકારભાર પુત્રને સોંપી પોતે દીક્ષા લઇ ચાલી નીકળ્યા. દીક્ષા લીધી તે વખતે તેમના વૈરાગ્યની પરીક્ષા કરવા માટે પહેલા દેવલોકના ઇન્દ્રમહારાજ પોતે બ્રાહ્મણના વેશમાં આવ્યા, અને જુદા જુદા પ્રશ્નો પૂછી અનેક પ્રલોભનોની વાતો કરી. એ રીતે તેમના વૈરાગ્યની સ્થિરતાની ઇંદ્રે પૂરી કસોટી કરી. નમિરાજ વૈરાગ્યમાં સ્થિર હતાં. તેમણે ઇન્દ્ર મહારાજાને યોગ્ય તથા વૈરાગ્યપૂર્ણ જવાબ આપી નિરુત્તર બનાવ્યા. નમિરાજર્ષિએ ઇન્દ્રને જવાબો આપીને શુદ્ધ સંયમનું પાલન કરીને પોતે પોતાનું આત્મકલ્યાણ કર્યું.

## सुभाषित

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरंति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

ઊભી છે વિકરાળ વાઘણ જરા, દાંતો બહુ પીસતી,
રોગો શત્રુ સમાન નિત્ય તનને, પીડા કરે છે અતિ;
ફૂટેલા ઘટથી જતા જળ પરે, આયુ સ્રવી જાય છે,
લોકો તોય કુકર્મ નિત્ય કરતા, આશ્ચર્ય એ છે ખરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌશામ્બીની રાણી મૃગાવતી

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

( ૪ )

## ખમીએ અને ખમાવીએ

આ તરફ કોઇ ખાસ તીર્થભૂમિ હોય એવું સાંભળવામાં તો નથી. ક્યાં તો તીર્થંકર દેવોના ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય અને નિર્વાણરૂપ પાંચ કલ્યાણકોથી અલંકૃત થયેલ હોય અથવા તો તેઓશ્રીના પગલાં એક કરતાં અધિકવાર જે ભૂમિ ઉપર પડ્યા હોય, એવા સ્થાનોના શીરે તીર્થસ્થળરૂપી અણમૂલું બિરુદ લગાવાય છે. કેટલાક પ્રથમ સૂચવેલ કલ્યાણકોમાંના એક કિંવા એકથી અધિક કલ્યાણકવાળી ભૂમિઓને 'કલ્યાણકભૂમિ' તરીકે પિછાને છે, પણ એનું મહત્વ પૂર્વે જણાવ્યું તેમ તીર્થસ્થળ જેટલું જ હોય છે. આત્માઓ માટે એવા પવિત્ર સ્થાનોની સ્પર્શના એકાંત લાભદાયી નિવડે છે, કેમકે એ ભૂમિના પરમાણુઓમાં અજબ શક્તિ રહેલી હોય છે. 'તારે તે તીર્થ' એ લોકોક્તિમાં સત્ય સમાયેલ છે અને એટલા સારુ તીર્થયાત્રા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વાર્ષિક કૃત્યોમાં એ અંગે ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે.

અરે! આપણે તો રામની રામાયણ કરી દીધી! મુદ્દાની વાત તો એ હતી કે—આગળ ચાલતાં પેલા બે શ્વેત વસ્ત્રધારી સાધ્વી મહારાજો, અને તેમની પાછળ થોડા અંતરે, નીચી નજરે પંથ કાપી રહેલ શ્રમણીસમૂહ આ દિશામાં શા કારણે જઇ રહ્યો છે? સંસારના પ્રલોભનોને સમજપૂર્વક ઠોકર મારી, ત્યાગનો આ અંચળો ઓઢનાર આ નારીસમૂહને નગરથી દૂર જતાં, અને વન તરફ ફંટાતા આવા એકાંત પ્રદેશ તરફ વિચરવામાં બે હેતુ સંભવી શકે. ક્યાં તો ત્યાં કોઇ દીક્ષાની મુમુક્ષુ લલનાનો વાસ હોય, અથવા તો કોઇ ઉપર વર્ણવેલું એવું યાત્રાસ્થળ હોય! પ્રથમના કારણનો તો અહીં સંભવ જણાતો નથી જ; બાકી બીજા કારણનું અસ્તિત્વ સંભવે ખરું-ભલે એ જાણીતું તીર્થધામ ન પણ હોય. 'હાથ કંકણને આરસીની શી જરૂર?' ઝટપટ તેમની પાસે પહોંચી જઇએ અને પૂછીને ખાતરી કરીએ.

અરે! પ્રશ્ન કરવાની જરૂર પણ નથી. વયમાં આધેડ જણાતા, છતાં શિષ્યા જેવા લાગતા સાધ્વી, પોતાનાથી ન્હાના અને યૌવનના તેજથી દીપતાં એવા ગુરુણીજીને એ વાત જ પૂછી રહ્યા જણાય છે. આપણે તો એ ઉભય વચ્ચેનો વાર્તાલાપ ધ્યાનપૂર્વક શ્રવણ કરવાનો છે.

ગુરુણી મહારાજ, સંસારના સંબંધે માસી ગણાતી એવી મેં આપની શિષ્યા થવામાં બે લાભ જોયા છે. એક તો આપની આ દશામાં (રાજપુત્રી હોવા છતાં ગુલામ તરીકે વેચાવામાં) કારણરૂપ મારા પતિ હતા, એ અન્યાયનું પ્રાયશ્ચિત ખડે પગે રહી આપની સેવા કરવા દ્વારા જ શક્ય છે એમ મને ચોક્કસ લાગે છે તે, અને બીજો લાભ, મારી સગી ભગિની પદ્માવતી કે જે હાલ શ્રમણીજીવન ગાળે છે તેમને એક વાર નજરે નિહાળવાનો. મેં સાંભળ્યું છે કે જે પ્રદેશમાં તેઓ વિચરે છે એ પ્રદેશ આપે જોયેલો છે. હું ધારું છું કે આપણે સર્વ જે દિશામાં પગલાં પાડી રહ્યા છે તે એ જ હોવો ઘટે, કેમકે આ તરફ નથી તો કોઇ જાણીતું મહાતીર્થ કે નથી તો કોઇ કલ્યાણક ભૂમિ!

મૃગાવતી! તેં જે બે હેતુ નજર સામે રાખ્યા છે એ ઠીક છે પણ એમાંના એક માટે તો એટલું જ કહેવાનું કે ચંપાનો રાજવી શતાનીક દ્વારા જે વિનાશ સર્જાયો એમાં તેઓ તો નિમિત્ત માત્ર છે; એ પાછળ કર્મરાજની આંટીઘુંટી સિવાય અન્ય કંઇ જ નથી. જ્ઞાની ભગવંતોએ આ સૃષ્ટિપર બનતાં દરેક બનાવોમાં **કાળ-સ્વભાવ-નિયતિ-કર્મ અને ઉદ્યમરૂપ** પાંચ કારણોની કરામત હોય છે એમ જણાવ્યું છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એ ખરું છે. અલબત્ત, એમાં કોઇની મુખ્યતા હોય તો અન્યનું ગૌણપણું પણ સંભવે. ચર્મચક્ષુ-વાળાને એ પાંચ સમવાયમાંથી ગમે તે એક આગળ પડતો પણ જણાય. હવે રહી દીક્ષિત ભગિનીને મળવાની વાત. તે પણ શક્ય નથી જ. મારા મેળાપને આજે વર્ષોના વહાણા વાયા છે. એ વેળાનો તેમની સાધના જોતાં, અને તેઓ જે વિચારશ્રેણી ધરાવતાં હતાં, તેનો તાગ કાઢતાં મને તો લાગે છે કે ખંડગિરિના એ મનોરમ પ્રદેશમાં તેમણે અનશન કરી કાર્યસિદ્ધિ કરી હોવી જોઇએ; કેમકે એ સંબંધમાં આ તરફના વિહાર દરમિયાન વધુ કંઇ સાંભળવા મળ્યું નથી.

પ્રવર્તિની મહારાજ, ભલે મારી એ આશા અફળ રહે, પણ તેના પુત્ર એવા કરકંડૂને મળવાનું તો બનશે ને?

વ્હાલી શિષ્યા, તારા અંતરમાં રમતા ભાવો હું સમજી શકું છું પણ, કાળદેવના ચક્રો ગતિમાન રહી, એમાં જે અંતરનો અવરોધ સરજ્યો છે એ નિવારી શકાય તેમ નથી. કરકંડુ રાજવી, વૃષભના નિમિત્તથી પ્રત્યેકબુદ્ધ થઇ, ચાલી નીકળ્યા હતા અને અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરતાં તેમને કૈવલ્ય પ્રાપ્તિ પણ થઇ હતી. ન તો ભગિની અને ન તો એનો ખોળો ખૂંદનાર મળવાનો છતાં હું આ તરફ એટલા સારુ તમો સર્વને લાવી છું કે જે પવિત્ર ભૂમિ ઉપર વિરાજીને પ્રમાદનું સૂક્ષ્મ રીતે પૃથક્કરણ કરતાં માત્ર મુનિ કરકંડુએ એકલાએ જ નહીં, પણ તેમના સરખા ત્રણ પ્રત્યેકબુદ્ધોએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ અલ્પ સમયમાં કરી, તેના દર્શન કરીને આપણે પણ પાવન થઇએ. ભલે એ સ્થળ નથી તો કલ્યાણકભૂમિ તરીકેનું કે નથી તો કોઇ પ્રખ્યાત તીર્થસ્થળ, છતાં જ્યાં ચાર પ્રત્યેકબુદ્ધોને સામાન્ય વિચારણા કરતાં જોતજોતામાં કૈવલ્યની પ્રાપ્તિ થાય એ ચમત્કારિક તો ગણાય જ. એની સ્પર્શના આપણા જીવનમાં કોઇ અનેરી ભાવનાના આંદોલન જગાવે.

હવે વાતનો અંકોડો સમજણમાં ઊતર્યો. મહારાજ, જે વસ્તીમાં આપણે ઉતર્યા છીએ ત્યાં ગઇ કાલે મેં નગર બહારના એકાંત પ્રદેશમાં આવેલ એક શ્વેત સંગેમરમરના પ્રાસાદ સંબંધી હકીકત એક શ્રાવિકાના મુખથી સાંભળી હતી. તેણીએ કહેલું કે-ચાર દ્વારવાળો એ પ્રાસાદ (મંદિર) વચમાં કોઇ પણ જાતના બિંબ-સ્તૂપ કે મૂર્તિવિહુણો છે છતાં વૃદ્ધમુખે સાંભળ્યું છે કે સ્થળ ચમત્કારિક છે. વર્ષમાં એક વાર અહીંનો સંઘ ત્યાં વાજતેગાજતે દર્શનાર્થે જાય છે. શ્રાવિકાએ મને એ અંગે એક બે પ્રશ્ન કરેલા પણ મેં જણાવેલ કે-આ પ્રદેશમાં હું ગુરુણી મહારાજ ચંદનબાળા સાથે પહેલી વાર આવું છું, તેમ પ્રવજ્યા લીધા મને ઝાઝા વર્ષો નથી થયાં, એટલે હું ઝાઝું જાણતી પણ નથી. ગુરુણીજીને પૂછીને જણાવીશ.

એ શ્રાવિકા ઘેર પાછી ફરતાં એટલો આગ્રહ તો કરી ગયેલી કે, જરૂર એ સ્થાનની એક વાર મુલાકાત તો લેજો.

હું આ વાત આજે આપને જણાવવાની હતી, ત્યાં તો પ્રાતઃકાળની આવશ્યક ક્રિયાથી પરવારતાં જ આપનો દર્શનાર્થે નિકળવાનો આદેશ થયો.

મૃગાવતી, હા, એ જ સ્થળના દર્શને આપણે જઇ રહ્યા છીએ. ચાર પ્રત્યેકબુદ્ધના કૈવલ્યસ્થાન સંબંધી વૃત્તાન્ત મેં ભગવંત શ્રી **મહાવીરદેવના** મુખે શ્રવણ કરેલો, ત્યારથી જ એને નિરખવાની મનમાં ઉત્કંઠા જન્મેલી. આ તરફના વિહારનું કારણ પણ એ જ. દરમિયાન આજે વહેલી પરોઢે એક સ્વપ્ન આવ્યું કે-ચાર દ્વારોવાળા મંદિરમાં હું અને મૃગાવતી વીતરાગના શાસનની વાતો કરી રહ્યા છીએ અને એમાં જ્ઞાની ભગવંતોએ '**ભાવના ભવનાશિની**' જેવા વચન ઉપર ખાસ ભાર મૂકયો છે તેનું કારણ શું? એટલે સુધી પ્રતિપાદન કરેલું છે કે-'ભાવનાનો પારો ઊંચો ચઢે તો કર્મોની ગુંચો તો જોતજોતામાં ઉકેલાઇ જાય, અને એમાં આત્માને ક્ષપકશ્રેણીનો સથિયારો મળે તો બેડો પાર થઇ જાય. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. 'મૃગાવતી! આ પાવનભૂમિ પર આપણા પરિણામની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારા વધે તો કેવું ?' એમ કહેતાં જ મારી આંખો ખુલ્લી ગઇ અને જોયું તો આવશ્યક ક્રિયા કરવાનો સમય થયો હતો.

પૂજ્યશ્રી આપની ભાવના જરૂર ફળશે. બાળવય, અખંડ બ્રહ્મચર્ય અને જ્ઞાન છતાં અભિમાનનો અંશ પણ નહીં, ચારિત્રની નિર્મળતા છતાં કોઇ જાતનો આડંબર નહીં, આવા શુદ્ધ ગુણસંપન્ન આત્માને કેવળ-જ્ઞાન થવું એમાં શંકાને સ્થાન ન જ હોય. નિમિત્ત મળે એટલી જ ઢીલ. ભગવંતોએ 'આત્માને નિમિત્ત-વાસી' કહ્યો છે એ સાચું છે.

વ્હાલી શિષ્યા, તારી વાણી ફળો એમ હૃદય ચાહે છે, પણ એ સાથે 'ધાતીડુંગર આડા અતિ ઘણા' એ વચન પણ નેત્રો સામે તરવરે છે. ભગવંતના પ્રથમ ગણધર અને અનંતલબ્ધિનિધાન એવા શ્રી ઇંદ્રભૂતિ હજુ એ મહામૂલા જ્ઞાનથી વંચિત રહ્યા છે ત્યાં મારો ગજ કેવી રીતે વાગવાનો ? પૂર્વનો અંતરાય કેમ છૂટવાનો ? એ તીર્થંકર દેવ સિવાય કોણ કહી શકે ?

ત્યાં તો મૃગાવતી સાધ્વી, સામે દેવાલય જોતાં જ બોલી ઊઠયા:—

મહારાજ, જેના દર્શને આપણે નિકળ્યા છે તે પેલું મંદિર હોવું જોઇએ. એને ચોતરફ દરવાજા છે અને શ્રાવિકાએ કહેલી વાત મળતી આવે છે.

હા, હા, એ જ એ ચમત્કારિક સ્થાન. ચાર પ્રત્યેક-બુદ્ધની કૈવલ્યભૂમિ. તરત જ સર્વ સાધ્વીગણ મંદિરની પ્રદક્ષિણા દઇ એમાં દાખલ થયો. એ પવિત્ર સ્થળના રજકણમાં લાંબો કાળ વહી ગયો હોવા છતાં કોઇ અપૂર્વ અને અવર્ણ્ય સ્મૃતિ સમાઇ હતી. ઘડીભર તો સારુંયે સાધ્વીમંડળ સમાધિસ્થ બની ગયું. ત્યાર પછી ગુરુણીજીના આદેશથી સૌએ કાયોત્સર્ગ કર્યો. પુનઃ હસ્તદ્વય જોડી વંદન કરી, સૌ અંતરમાં અનેરા તરંગો ધારણ કરતાં પાછા વળ્યા. વસતી સુધીનો માર્ગ કાપતાં ખાસ કોઇ ચર્ચા જન્મી નહીં. ફક્ત ચંદનબાળા ગુરુણીએ મૃગાવતીને ઉદ્દેશી એટલું કહ્યું કે–

આવતી કાલે, વહેલી સવારે, આવશ્યક ક્રિયાથી પરવારી આપણે કૌશામ્બી તરફ વિહાર કરવાનો છે. પ્રત્યેકબુદ્ધના કૈવલ્યસ્થાને, મારા હૃદયમાં એક જ નાદ જગાવ્યો છે કે–'ઘર આંગણે ગંગા હોવા છતાં શા સારુ શંકાના વમળમાં અટવાય છે ! સત્વર સ્વયંબુદ્ધ એવા તીર્થપતિના શરણે જા.' વળી સાંભળ્યા મુજબ ચરમજિન શ્રી વર્ધમાનસ્વામી શિષ્યાભાસ એવા ગોશાળાના ભયંકર ઉપસર્ગમાંથી અણીશુદ્ધ બહાર આવી, દેહની અલ્પ પીડાને ન ગણકારતા શ્રાવસ્તીથી તારી માતૃભૂમિ તરફ વિહાર કરી રહ્યા છે. પ્રભુ પાસે જલ્દી પહોંચી જઇ શંકાનું નિરસન કરવું છે.

જેવી આપની આજ્ઞા. મને એ સ્થાનની સ્પર્શના કરી, ભગિનીના ભૂતકાલીન જીવનમાં ડોકિયું કરતાં એક વાત લબ્ધ થઇ છે અને તે 'આત્મશોધન કરવાની' અને એ સારુ ભગવંત જેવાનું સાનિધ્ય છે તો શા માટે અન્યત્ર ભટકવું ?

× × ×

ગુરુણી મહારાજ, મને આપના જેવો ઉપયોગ ન રહ્યો. મારો એ અપરાધ માફ કરો. પ્રમાદથી થયેલ એ દોષ હું ત્રિવિધે ખમાવું છું.

આમ છતાં ખમાવવાની ક્રિયા કરનાર શિષ્યાને જવાબ મળતો નથી. આમ થવાનું કારણ શું ? આ નજીવી જણાતી ભૂલ કેટલી ગંભીર હશે ? ઇત્યાદિના વિચારમાં અવગાહન કરતી શિષ્યા આત્મશોધનમાં ઊંડી ઉતરી ગઇ, અનિત્યાદિ બાર ભાવનાઓના સ્વ-રૂપમાં રમણ કરવા લાગી. જોતજોતામાં ક્ષપકશ્રેણીનો અધિકારી મળ્યો; અને એના ફળસ્વરૂપે અપ્રતિપાતી એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. ત્યાં તો નિબિડ અંધ-કારમાં તેણીએ જોયું કે એક કૃષ્ણ સર્પ જ્યાં ગુરુ-ણીજીનો હાથ આડો લંબાયો છે તે તરફથી આવી રહ્યો છે. તરત જ તેણીએ હાથ ખસેડી લીધો એટલે પેલો સર્પ જોતજોતામાં એ માર્ગથી સરી ગયો; પણ એ ક્રિયાથી ગુરુણીજીની નિદ્રા ઊડી ગઇ. તેઓ એકદમ બોલી ઊઠ્યા–મારી નિદ્રાનો ભંગ કોણે કર્યો ?

મહારાજ, એ તો હું આપની શિષ્યા મૃગાવતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં આપનો હાથ ન ખસેડ્યો હોત તો એ રસ્તેથી જઇ રહેલ કાળો સર્પ આપને ડંખ મારત.

આ સાંભળતાં જ ચંદનબાળા ગુરુણીજી બેઠા થઇ ગયા અને પૂછવા લાગ્યા કે આવા ઘોર અંધકારમાં તેં સાપ જોયો કેવી રીતે ?

પૂજ્યશ્રી, આપની કૃપાએ પ્રાપ્ત થયેલ જ્ઞાનના બળથી.

એ જ્ઞાન પ્રતિપાતી છે કે અપ્રતિપાતી ?

મહારાજ, અપ્રતિપાતી.

એટલે એમ જ કહે ને કે કેવળજ્ઞાન. ખરેખર મારા જેવી પ્રમાદી કોણ હશે ! જે વસ્તુની ઝંખના હું વર્ષોથી કરી રહી છું તે દૂર ઠેલાતું જાય છે ! શ્રી ગૌતમસ્વામીજી માફક મારા સંબંધમાં પણ બને છે અને તે એ જ કે લોકાલોક–પ્રકાશકર એવા કૈવલ્યથી ગુરુ વંચિત રહે છે અને તેમના દીક્ષિત શિષ્યો એ પામી જાય છે. જીવડા ઉદ્યમશીલ થા. સૌપ્રથમ સામે નજર કર. શિષ્યા છતાં આ સમયે એ કેવળી છે. તે પદનો વિનય કરવાનો ચૂકી તું હજુ પ્રશ્નપરંપરા ચલાવી રહી છે ! ધિક્કાર છે એ માન્યતાને ! એમ બોલી, પોતાનો અપરાધ ખમાવવા જ્યાં મૃગાવતીને પગે પડવા ચંદનબાળા જાય છે ત્યાં તેમને પણ કેવળજ્ઞાન થાય છે. ચિરકાળની ભાવના ફળે છે અને 'ખમીએ અને ખમાવીએ એહજ ધર્મનો સાર તો' જેવા ટંકશાળી વચનથી વાતાવરણ મ્હેકી ઊઠે છે.

જે અંકોડો ખૂટે છે તે આ પ્રમાણે–ભગવાન મહાવીરદેવ જ્યારે કૌશામ્બીમાં પધાર્યા અને મહાન્ ઉપસર્ગમાંથી માનવ–નજરે બચી ગયા, એના ઉલ્લાસમાં જ્યોતિષ ઇંદ્રો–ચંદ્ર અને સૂર્ય મૂળ વિમાને આ નગરીમાં આવ્યા. શાતા પૂછી, સમવસરણમાં દેશના સાંભળવા બેઠા. પ્રકાશનો પુંજ એટલો વિસ્તર્યો કે એમાં સંધ્યાકાળ થઇ ગયો છતાં એની ખબર પ્રાકૃત જનને ન પડી શકી ! દેશના અર્થે પધારેલ ચંદનબાળા, અનુભવના અભ્યાસથી સંધ્યાકાળ પારખી, પોતાની વસ્તીમાં પાછા ફર્યા. દેશનાશ્રવણમાં જેનું મન લીન બન્યું છે એવી મૃગાવતીને એ વાતની ખબર ન રહી; દેશના પૂર્ણ થતાં અને ઇંદ્રો વિદાય લેતાં, સર્વત્ર એકાએક અંધકાર પ્રસરી રહ્યો. મૃગાવતી પોતાને એકાકી રહેલ જોઇ મુંઝાયા, અને સત્વર વસતીમાં આવ્યા. જોયું તો ગુરુણીજી આદિ સાધ્વીગણ આવશ્યક ક્રિયા કરી, સંથારે પોઢી ગયેલ.

ચંદનબાળા પણ નિદ્રાધીન થવાની તૈયારીમાં હતા. તેમણે મૃગાવતીને ઉદ્દેશી કહ્યું કે–આપણા આચારને ધ્યાનમાં રાખી સંધ્યાકાળ થતાં જ વસ્તીમાં આવી જવું ઘટે. તારા સરખી કુલીન ઘરની શિષ્યાએ આવો પ્રમાદ ન કરવો જોઇએ. આ જાતની શિખામણ આપી ગુરુણીજી તો ઊંઘી ગયા. મૃગાવતી સાધ્વી આવશ્યક ક્રિયા ટાણે પોતાના દોષો ખમાવતાં ગુરુણીજીના પગે પડ્યા, અને જવાબ ન મળતાં પુનઃ પુનઃ દોષશોધનમાં ઊંડા ઉતર્યા તે આપણે જોઇ ગયા.

---

## સુ ભા ષિ ત

**वने कुरंगास्तृणधान्यभुक्ता, बुभुक्षिता घ्नन्ति कदा न जीवान् ? ।**
**एवं कुलीना व्यसनाभिभूता, न नीतिमार्गं परिलंघयन्ति ॥**

ભૂખે ભલે પિંડથી પ્રાણ જાય,
હરિણ ના હિંસક તોય થાય;
આવી પડે સાધુ ભલે અપાયે,
છોડે ન નીતિ તદપિ જરાયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન અને આનંદ

લેખકઃ—બચ્ચુભાઈ વાડીલાલ શાહ.

જીવન અને આનંદ—તેમાં આનંદ એ મનની એક પ્રકારની સ્થિતિ છે તેનો જીવનની સાથે કેવો અને કેટલો સંબંધ છે ? એટલે કે જીવનમાં તેનું શું સ્થાન છે તે વિચારીએ.

આપણે જોઇ શકીએ છીએ કે બાળક કે વૃદ્ધ, કેળવાયેલ કે બિનકેળવાયેલ, સંસારી કે ત્યાગી, દરેકને આનંદની જરૂર છે. આનંદ વગરનું જીવન શુષ્ક અને ભારરૂપ લાગે છે. બાલ્યાવસ્થામાં બાળકો નિર્દોષ રમતો રમીને આનંદ કરે છે. વિદ્યાર્થી અવસ્થામાં કેટલાક સારામાં સારો અભ્યાસ કરવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક તોફાનો તથા કુટેવોને પોષવામાં આનંદ માને છે. યુવાવસ્થામાં દરેક પોતાની જુદી જુદી જાતની ઈચ્છાઓ તૃપ્ત કરવામાં આનંદ માને છે. કોઈક પોતાની કીર્તિ અને આબરૂ વધે તેવાં, કોઇક પરોપકારી કાર્યો કરી સંતોષ મેળવવામાં તો કોઇક તુચ્છ કાર્યો કરવામાં આનંદ માને છે. કોઈક ગમે તે ભોગે ( ગમે તેવાં દયાહીન કાર્યોથી ) પોતાની તિજોરીને છલોછલ ભરવામાં આનંદ માને છે. જ્યારે કોઈક વળી બાપે છલોછલ ભરેલ તિજોરીનું તળિયુ શોધવાના પ્રયોગમાં આનંદ માને છે. વૃદ્ધાવસ્થામાં કોઇક યમનિયમ અને તપજપ વિગેરે ધાર્મિક કાર્યો કરી નિવૃત્તિમય સરવૈયું સરખું બનાવવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક કેવળ બાહ્યાડંબર તરીકે આચારવિચાર વગરનાં નિષ્પ્રાણ ક્રિયાકાંડો કરી સ્વર્ગનું વિમાન તેમને માટે રીઝર્વ થશે જ એવી આશાઓ બાંધવામાં આનંદ માને છે. કોઈક ત્યાગી વૈરાગી આત્માઓ—મહાત્માઓ સિદ્ધસેનદિવાકર ઉ૦ યશોવિજયજી મ. આનંદઘનજી, ચિદાનંદમહારાજ તથા યુગપ્રધાન હિરવિજયસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી ને આત્મારામજી મહારાજ તથા યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વરજી અને મહાત્મા ગાંધી અને જવાહરલાલ પંડિત જેવા પોતાનાં સર્વસ્વનાં ભોગે બીજાની સુખશાંતિ કે આનંદમાં પોતાનો આનંદ માને છે, જ્યારે કેટલાક સર્વના ભોગે પોતાનાં આનંદમાં સર્વનો આનંદ ગણી લે છે. ધારો કે આપણે મુસાફરીએ નીકળ્યા હોઇએ, તેમાં આપણી બધી સુખસગવડતાઓ સચવાય તેમાં આનંદ પડે કે અગવડો અથવા મુશ્કેલીઓમાં આપણાં બુદ્ધિ–બળનો ઉપયોગ કરવામાં ખરો આનંદ પડે ? સીધી સપાટ જમીન ઉપર વાહનોમાં મુસાફરી કરવામાં આનંદ પડે, કે પર્વતો, ખીણો વગેરે ઠેકાણે પગે ચાલીને મુસાફરી કરવામાં ખરો આનંદ પડે ? આ પ્રશ્નોના જવાબો આપણે સમજી શકીએ તેમ છીએ તો પછી આ જીવન પણ એક મુસાફરી નથી ? તેમાં આવતી અગવડો સગવડોમાં અગર મુશ્કેલીઓમાં આપણે શા માટે આનંદ ન માણી શકીએ ? આનંદ એ કોઇ નક્કર વસ્તુ નથી પરંતુ મનની સ્થિતિ છે. જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણે માંની લીધેલી સગવડતાંઓ અને મુશ્કેલીઓ જ આપણને ખરો આનંદ આપે છે, માટે આપણે જીવનમાં મુશ્કેલીભર્યાં કાર્યોને મુશ્કેલ નહિ ગણતા તેમાં બહાદુરીપૂર્વક સફળતા મેળવવામાં જ આનંદ માનવો જોઇએ. આપણે મહાન્ પુરુષોના જીવનચરિત્રોમાં જોઇ શકીએ છીએ કે મહાવીરસ્વામી ભગવાને અનેક સંકટો અને તપ–જપ કરી તેમના જીવનમાં જીવનધ્યેયો પાર પાડવામાં જ આનંદ માનેલો છે. આનંદ નિર્દોષ અને પવિત્ર હોવો જોઇએ. તે સ્વાર્થી ન હોવો જોઇએ. અને આપણો આનંદ ઘણાને આનંદ પમાડનારો હોવો જોઇએ. જીવન (આપણી મુસાફરી) એ એક આનંદ જ છે. જીવનના દરેક પ્રવૃત્તિ આનંદમય માનવી જોઇએ અને આનંદપૂર્વક જ કરવી જોઇએ. મહાત્માઓનાં જીવન આનંદમય હોય છે. તેનું કારણ પણ આ જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનસૌન્દર્ય

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

"There is no beautifier of complexion or form or behaviour like the wish to scatter joy around us." ઈમર્સન

(આપણી આસપાસ સર્વત્ર આનંદ ફેલાવવાની ઇચ્છા સમાન આકૃતિને, શરીરને અથવા વર્તનને સુંદર કરનાર એક પણ વસ્તુ નથી.)

જ્યારે વિદેશીઓએ ગ્રીસદેશ પર હુમલો કર્યો, તેના મંદિરોનો અને કારીગરીવાળા સુંદર કામોનો નાશ કર્યો તે વખતે પણ જે સૌંદર્ય ત્યાં પ્રસરી રહ્યું તેનાથી લોકોનું ઝનૂન સહેજ નરમ પડયું હતું. સત્ય છે કે તે લોકોએ તેના સુંદર અને મનોહર પુતળાઓને છિન્નભિન્ન કરી નાખ્યા, પરંતુ સૌંદર્યનો આત્મા જીવંત જ રહ્યો અને તેનાથી ક્રૂર હૃદયમાં નવું જ ચૈતન્ય જાગૃત થયું. ગ્રીસદેશની કળાના આ દેખાતા મૃત્યુમાંથી રોમન કળાનો જન્મ થયો. રોમનલોકોએ ગ્રીસદેશ પર વિજય મેળવ્યો અને તેની કળાકારીગરીના ખજાના રોમમાં લઇ ગયા તે પહેલાં ઇટાલીમાં કળાનું અસ્તિત્વ જ નહોતું.

ઘણા સૈકા પૂર્વે કોઇએ મહાન્ તત્ત્વજ્ઞ પ્લેટોને પૂછયું હતું કે "ઉત્તમ કેળવણી કયી કહી શકાય?" પ્લેટોએ પ્રત્યુત્તર આપ્યો કે "**જે કેળવણીથી આત્મા અને શરીર યોગ્યતાના પ્રમાણમાં સુંદર બને તે જ કેળવણી ઉત્તમ છે.**" મનુષ્યના યોગ્ય વિકાસ માટે માનસિક તેમજ શારીરિક ભિન્ન ભિન્ન પ્રકારના ખોરાકની જરૂર છે. આ ખોરાકમાં જે વસ્તુની જેટલી ઊણપ રહે તેના પ્રમાણમાં તેનું જીવન નબળું બને છે. અરધા ખોરાકથી માણસ પૂર્ણતા મેળવે એ વાત અશકય છે. એકલાં શરીરને પોષી આત્માને ક્ષુધાતુર રાખવાથી માણસ સમતોલપણું જાળવી રાખે આ આશા વ્યર્થ છે, તે જ પ્રમાણે શરીરને ક્ષુધાતુર રાખી એકલા આત્માને પોષવાથી શારીરિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રમાં માણસ સમર્થ બને એ આશા પણ કેટલેક અંશે નિરર્થક છે.

જ્યારે બાળકોને જુદા જુદા પ્રકારનો પૂરતો યોગ્ય ખોરાક મળતો નથી, જ્યારે તેઓને મગજ, મજ્જાતંતુ અને સ્નાયુના પોષણ માટે જરૂરી ચીજો આપવામાં આવતી નથી ત્યારે તેઓના વિકાસમાં તેટલા પૂરતી ખામી રહે છે. યોગ્ય ખોરાકની ખામીને લઇને તેઓ નબળાં અને શક્તિહીન બને છે. દાખલા તરીકે જો બાળકને તેના ખોરાકમાં પૂરતું ફોસ્ફેટ મળતું નથી તો તેના હાડકાંનું બંધારણ મજબૂત થઇ શકતું નથી; જેને પરિણામે તેના શરીરનો બાંધો નબળો બને છે અને શરીરના સાંધા ઢીલા થઇ જાય છે. જો મગજ અને મજ્જાતંતુના પોષક ફોસ્ફેટીક તત્વો ઓછા પ્રમાણમાં હોય છે તો તેથી આખા શરીરના બંધારણ પર અસર થાય છે. મગજ અને મજ્જાતંતુઓ અપૂર્ણ, અશક્ત અને અવિકસિત રહે છે. જેવી રીતે શરીર મજબૂત, સુંદર અને નીરોગી બનાવવાને બાળકને ભિન્ન ભિન્ન પ્રકારના શારીરિક ખોરાક આપવાની જરૂર છે તેવી જ રીતે મનને યોગ્ય પોષણ આપી સબળ, નીરોગી અને ચપળ બનાવવાને માનસિક ખોરાકના વૈવિધ્યની પ્રત્યેક માણસને આવશ્યકતા છે.

પૈસા પ્રાપ્ત કરવાના આપણા દેશનાં આશ્ચર્યકારક સાધનોએ આપણા લોકોની લોભવૃત્તિને એટલી બધી ઉત્તેજિત કરી મૂકી છે કે ઉચ્ચતર શક્તિઓને ભોગે આપણી ભૌતિક શક્તિઓનો અતિ વિકાસ થઇ જશે એવો ભય રહે છે. શારીરિક અને માનસિક બળને જ માત્ર ખીલવવું એ બસ નથી, જો કુદરત અને કળાના સૌંદર્યને પારખવાની શક્તિને પોષણ આપવામાં ન આવે તો આપણું જીવન પુષ્પ અને પક્ષી વગરના, મધુર સુગંધ અને સ્વર વગરના પ્રદેશ જેવું શુષ્ક થઇ જાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ધારો કે શરીર સબળ હોય તો પણ જે સૌંદર્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની સફળતા શોભે અને તેને આકર્ષક બનાવે તેની ખામી તો રહેશે જ.

આખું જગત રમ્યતાથી ભરપૂર છે, સંગીતથી સંપૂર્ણ છે, અને પૃથ્વી તથા સમુદ્રનું સૌંદર્ય ચોમેર પ્રસરી રહેલું છે. આ સઘળું નકામું નથી અને આ સૌંદર્યની વિપુલતાના દૃષ્ટાંતરૂપ મનુષ્ય પોતે જ છે. જો તમારે મનુષ્યત્વ શબ્દના વિશાળ અર્થમાં મનુષ્યત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો માત્ર એક જ શક્તિનો વિકાસ કરી અન્ય શક્તિઓને અવિકસિત રાખવાથી સંતોષ માનવાનો નથી; કેમકે કોઇ પણ પ્રકારનો ઐહિક લાભ થવાથી જીવનની સ્વાર્થી અને સ્થૂલ બાજુ જ વિકાસ પામે છે. જે માણસમાં સૌંદર્ય પારખવાની શક્તિ નથી, જે માણસ કોઇ ભવ્ય ચિત્રથી, રમણીય સૂર્યાસ્તથી અથવા કુદરતના અલૌકિક સૌંદર્યથી પુલકિત અને પ્રફુલ્લ થતો નથી તેનામાં કંઇ પણ ખામી હોવી જોઇએ.

જંગલી લોકોમાં સૌંદર્યની ગુણગ્રહણશક્તિ બિલકુલ હોતી નથી. તેઓને માત્ર પશુવૃત્તિ અને વિકારોને જ સાધન હોય છે; પરંતુ જેમ જેમ સુધારો પ્રગતિ કરે છે તેમ તેમ લોભવૃત્તિ વધે છે, જરૂરિયાતો વધે છે અને ઉચ્ચતર શક્તિઓનો આવિર્ભાવ થાય છે. તે એટલે સુધી કે સૌંદર્યને માટે પ્રેમ અને ઇચ્છા ઘણી સરસ રીતે વિકાસ પામે છે. જે આપણને શરીર ઉપર, ગૃહમાં અને આપણી આસપાસ પ્રકટ થયેલ દૃષ્ટિગોચર થાય છે. એક મહાન વિચારકે કહ્યું છે કે " મનુષ્યના ઉચ્ચ અને ઉત્તમ ગુણોના વિકાસમાં સૌંદર્યે સંપૂર્ણ પાઠ ભજવ્યો છે, અને સુધારાનું માપ શિલ્પકળા અને ચિત્રકળા પરથી કરી શકાય છે. "

સૌંદર્યના પ્રેમની અસર ચારિત્ર્ય પર ઘણી જબરી છે. જ્યાં વધારે ઔદાર્ય, વધારે માધુર્ય અને વધારે સૌંદર્ય મેળવવાને બદલે વધારે દ્રવ્ય કેમ સંપાદન કરવું એ સૌથી અગત્યનું છે એમ વિચાર કરવાનું શિખવવામાં આવે છે તેવા વાતાવરણમાં જે બાળકને ઉછેરવામાં આવે તે ઘણું જ કમનશીબ સમજવું. આવા પ્રકારની ખોટી કેળવણીથી એક ઊછરતા જીવનને તેના સ્વાભાવિક માર્ગમાંથી ખસેડી મૂકવું, તેના આધ્યાત્મિક મધ્યબિન્દુમાંથી ચલિત કરવું અને ભૌતિક લક્ષ્ય તરફ ચલાવવું તે ખરેખર નિર્દય કામ છે. જ્યારે મન કોમળ હોય છે અને સારા વા નરસા સંસ્કાર સત્વર ગ્રહણ કરવાને શક્તિમાન હોય છે ત્યારે બની શકે તેટલે દરજ્જે બાળકોને કુદરત અને કળાના સૌંદર્યની વચમાં મૂકવાની આવશ્યકતા છે. કોઇ પણ સુંદર વસ્તુ તરફ તેઓનું ધ્યાન ખેંચાય એવો એક પણ પ્રસંગ જવા દેવો જોઇએ નહિ. આમ કરવાથી તેઓનું જીવન એવા ખજાનાથી સંપન્ન થશે કે જે પછીની જિંદગીમાં કોઇપણ કિંમતે તેઓને અપ્રાપ્ય છે. આપણા સુંદર ગુણો, ઉચ્ચ વિચારો, નાજુક લાગણીઓ અને સૌંદર્યના પ્રેમને ખીલવવાનું કાર્ય જિંદગીમાં વહેલું શરૂ કરવાથી કેટલો બધો સંતોષ પ્રાપ્ત થાય છે! આથી માત્ર સંતોષ અને સુખ ઊપજશે એટલું જ નહિ પણ કાર્યદક્ષતા પણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જશે.

( ચાલુ )

---

માથે મુંડન કરાવવાથી સાધુ થવાતું નથી, ઓમ્કારના ઉચ્ચારથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું નથી, વનવાસથી કે ભગવાં વસ્ત્રોથી ઋષિ કે સંન્યાસી થવાતું નથી, પણ સમભાવથી સાધુ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી ઋષિ અને તપથી તપસ્વી થવાય છે.

ભ૦ મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–સત્કાર

**પુષ્પ કીર્તિ કિરણાવળી :** સાધ્વીશ્રી સદ્ગુણા-શ્રીએ સંપાદિત કરેલ આ પુસ્તિકા અમોને અચરતબેન શેઠ તરફથી નડીયાદથી મળી છે.

જીવનમાં સંસ્કાર અને આત્મોન્નતિની પ્રેરણા આપતા વિધવિધ પદોનો સંગ્રહ, ૩૬ પાનાની આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે, અને થોડા ગદ્ય સૂત્રો પણ આમાં રજૂ કરવામાં આવેલ છે. મોટા ભાગના પદો આધુનિક રાગોમાં રચેલા અર્વાચીન છે. એકંદરે ભાવનાની ધૂન મચાવવા કે ભક્તિરસ કેળવવા માટે આ સંગ્રહ સારો છે.

પ્રકાશક પોતે જણાવે છે તેમ આજે પ્રભાવનામાં પેંડા, શ્રીફળ વગેરે આપવામાં આવે છે તેના બદલે જ્ઞાનપ્રચારની દ્રષ્ટિ રાખીને આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવેલ છે અને બેન કીર્તિલત્તાની દીક્ષા પ્રસંગે આ પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. પ્રભાવના પ્રસંગે આ રીતે જ્ઞાનપ્રચારની દ્રષ્ટિ કેળવવામાં આવે એ વસ્તુને અમો પ્રેમપૂર્વક આવકારીએ છીએ, અને આવી નાની પુસ્તિકાઓમાં જેમ ભાવવાહી પદોનો સંગ્રહ કરવામાં આવેલ છે તેવી જ રીતે ભગવાન મહાવીર આદિ મહાન વિભૂતિઓના જીવનચરિત્રો તેમ જ જૈન સિદ્ધાન્તો ઉપરથી લોકભોગ્ય ભાષામાં આમજનતાને રસ પડે તેવી શૈલીએ જૈનધર્મને અંગે નિબંધો લખાવીને તેનો પ્રચાર કરવામાં આવે તો તે વધુ આવકારદાયક નિવડશે.

આ પુસ્તિકાનું પ્રાપ્તિસ્થાન, મૂલ્ય વગેરે બાબતનો આમાં નિર્દેશ કરવામાં આવેલ નથી, તો હવેની આવૃત્તિમાં તે વિગત મૂકવી જોઈએ.

**अंतराय कर्मकी पूजा–सार्थः**–સંપાદકઃ ચંદનમલ નાગોરી. પ્રકાશક ચંદનમલ નાગોરી જૈન પુસ્તકાલય, પોષ્ટ છોટી સાદરી (મેવાડ) મૂલ્ય. ૦।।૮

વિવિધ પૂજાઓની રચનાનો વિચાર કરીએ તો આવી પૂજામાં ભગવાનના જીવન–ચરિત્રનો, આગમ–રહસ્યનો કે કર્મ–મર્મનો ભાવાર્થ ઘણી સુંદર રીતે રજૂ કરવામાં આવેલ છે. એટલે દરેક પૂજા જેમ આપણને કાવ્યરસમાં તરબોળ કરે છે તેમ સાથોસાથ આપણને જૈન–દર્શનનું જ્ઞાન પણ આપતી જાય છે.

કર્મબંધના કુલ આઠ પ્રકારો પૈકી આઠમા અંતરાય કર્મ ઉપર પ્રકાશ પાડતી પૂ. વીરવિજયજી મહારાજકૃત 'અંતરાય કર્મ'ની મૂળ પૂજા અને તેનો ભાવાર્થ આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે. આજે પૂજા ભણાવતી વખતે પૂજાનો અર્થ સમજવાની રસવૃત્તિ ભાવિકોમાં વધતી આવે છે તેવે સમયે આ હિન્દી પુસ્તિકા જરૂર આવકારદાયક બનશે.

આ પુસ્તિકા પ્રગટ કરવાનો પ્રસંગ કેવી રીતે બન્યો તે વાત પણ જાણવા જેવી છે. પશ્ચિમ ખાનદેશના ધુલીયામાં પ્રાચીન જિનાલય હતું, સમયના વહેવા સાથે આ બાજુ સંવેગી સાધુ મહારાજનો પગરવ ઓછો થયો, અને સ્થાનકવાસી સાધુઓનો વિહાર વધતો આવ્યો, અને પ્રચારના પરિણામે જૂના ધુલીયામાં તમામ ઘર સ્થાનકવાસીના બની ગયા. પ્રાચીન જિનાલય સુનું પડયું અને છેવટે પ્રતિમાજીને એક પેટીમાં ભંડારી રાખવામાં આવી. કોઈ સંવેગી સાધુ આ બાજુ વિચરતા તેઓશ્રીનું આ વાત તરફ ધ્યાન ગયું, પ્રતિમાજી પેટીમાંથી કાઢવામાં આવ્યા અને જિનાલયમાં તેની પ્રતિષ્ઠા કરવામાં આવી.

સ્થાનકવાસી–દેરાવાસી વચ્ચે ખંડન–મંડનની જે અયોગ્ય હવા વહેતી હતી તેનો આ એક માત્ર નમૂનો છે. અને વિશાળ દૃષ્ટિ ધરાવતા જૈન સમાજને માટે આવી ઘટના ખરેખર શરમાવનારી છે. આજે યુગ બદલાયો છે. ભૂતકાળમાં સાંકડી દૃષ્ટિએ ગમે તે થયું પણ જાગ્યા ત્યાંથી સવાર સમજીને હવે ખંડનાત્મક ટેવ બંધ થાય તે જરૂરી છે, એમ આ પુસ્તકામાં રજૂ થએલ હકીકત ઉપરથી અમોને લાગ્યું છે.

જનતામાં આદર પામેલ આવી પ્રત્યેક પૂજાનો અર્થ હિન્દીમાં પણ પ્રગટ થતો રહે અને તેનો સુંદર પ્રચાર થાય તેમ અમો ઈચ્છીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**गुरुभक्ति के गीत**—પ્રકાશક શાહ ચુનીલાલ નથમલજી બેડાવાળા રચયિતા: શ્રી મેઘરાજ મહેતા 'ચંદ્ર' અધ્યાપક: શ્રી પાર્શ્વનાથ હાઈસ્કૂલ વરકાણા (રાજસ્થાન)

આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે પાટણખાતે જે ગુરુગીતો રજૂ કરવામાં આવેલ તેનો સંગ્રહ સોળ પાનાની આ ટ્રેકટમાં રજૂ કરવામાં આવેલ છે.

જે કોઈને આ ટ્રેકટની જરૂર હોય તે પોસ્ટ ખર્ચની એક આનાની ટીકીટ શ્રી પાર્શ્વનાથ વિદ્યાલય –વરકાણા (રાજસ્થાન) મોકલવાથી મફત મેળવી શકશે.

## आर्हत् धर्मप्रकाश (जैन–धर्म)

લેખક:–કવિકુલતિલક શતાવધાની મુનિ મહારાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી આત્મકમળ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર દાદર–મુંબઈ. ૨૮.

જૈન ધર્મની માહિતી આપતી આ પુસ્તિકા પૂ. કીર્તિવિજયજી મહારાજે મહારાષ્ટ્રના પોતાના વિહાર દરમિયાન સૌપહેલાં ગુજરાતીમાં રચી. અને તેમાં જૈન ધર્મનો ટૂંકો પરિચય આપવાની દૃષ્ટિએ આત્મા, કર્મ, ઇશ્વરકર્તા, ગૃહસ્થધર્મ, સાધુધર્મ, સ્યાદ્વાદ, ષડ્દર્શન, તપ, જ્ઞાન અને આધુનિક વિજ્ઞાન સાથે જૈન દર્શનનો સમન્વય સમજાવતા ૧૭ પ્રકરણો રજૂ કરવામાં આવ્યા.

પોતે છેલ્લા ત્રણ–ચાર વર્ષથી પોતાના ગુરુદેવ આચાર્ય વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાથે દક્ષિણમાં વિચરી રહ્યા છે. સામાન્ય રીતે દક્ષિણમાં મોટો પ્રદેશ એવો છે કે જ્યાં જૈન ધર્મ એ શું છે તેનું જનતાને જ્ઞાન નથી, આપણા જૈન ભાઈઓ જે દક્ષિણના કેટલાક ભાગોમાં ધંધાર્થે છૂટાછવાયા ભાગોમાં વસે છે તેઓને પણ જૈન દર્શનનો ખ્યાલ ઓછો છે. આ પરિસ્થિતિ લક્ષમાં લઇ જૈન–ધર્મનું સામાન્ય જ્ઞાન ટુંકાણમાં આપી શકાય તે દ્રષ્ટિએ આ ટ્રેકટ તૈયાર કરવામાં આવી છે અને તેનો ગુજરાતી, હિન્દી, તામીલ, મરાઠી, ઈંગ્લીશ, કાનડી એમ જુદી જુદી છ ભાષામાં અનુવાદ કરી લગભગ અર્ધો લાખ કોપીનો આજ સુધીમાં છૂટથી પ્રચાર કરવામાં આવેલ છે. આ ટ્રેકટમાં મરાઠી અનુવાદ રજૂ કરવામાં આવેલ છે.

પુસ્તિકાની વસ્તુસંકલના જોતા તેમાં જૈન–દર્શન સમજવા માટે મહત્વના જે જે મુદ્દાઓની ઉપર પ્રકાશ પાડવો જોઇએ, તે આમાં પાડવામાં આવ્યો છે, અને પરિણામે દક્ષિણમાં હજારો જૈન–જૈનેતર ભાઇઓને આ પુસ્તિકા જૈનધર્મનો ખ્યાલ આપવા માટે ખૂબ ઉપયોગી નીવડી છે. જૈન–દર્શનના અભ્યાસ માટે આવું પ્રાથમિક સાહિત્ય જો છૂટથી પ્રચાર પામે તો જૈન–ધર્મના પ્રચાર માટે તે મહત્વની સેવા છે તેમ કહ્યા વિના ચાલે તેમ નથી અને તે બદલ અમે તેના લેખક અને પ્રચારકને ધન્યવાદ આપીએ છીએ. આ સભાના સભ્યોને તથા આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને પણ આ પુસ્તિકાની ગુજરાતી આવૃત્તિ ભેટ આપવાનો પ્રબંધ કરવામાં આવેલ, તે બદલ અમે પુનઃ આભાર વ્યક્ત કરીએ છીએ.

પુસ્તિકાનો સંભાર બરાબર છે પણ તેની ઉપર વધુ વિચાર કરતા અમોને લાગ્યું છે કે તેમાં રજૂ કરવામાં આવેલ કેટલાક મુદ્દા થોડો વધુ પ્રકાશ માગે છે. અનેકાન્ત, ષડ્દર્શન, અપરિગ્રહ, અહિંસા, સાધુવ્રત, ગૃહસ્થ ધર્મ એ મુદ્દાઓ એવા છે કે આજે વિશાળ જગતની દ્રષ્ટિએ જૈનદર્શનનો આચાર–વિચાર કેટલો વિપુલ છે તેમ જ વિશ્વધર્મ અને વિશ્વશાન્તિ માટે તેમાં કેવી મંગળ ભાવના રહેલ છે, તેનો આછો ખ્યાલ આપણને ઉપરના વિષયોમાંથી મળી રહે તેમ છે. એટલે આ મુદ્દાઓનું વિવરણ જરા વિસ્તારથી આમાં આપવામાં આવે તો વધુ ઉપયોગી થઇ પડશે તેમ અમોને લાગે છે.

**દિગમ્બર જૈન :** (આચાર્ય શાન્તિસાગર સ્મારક વિશેષાંક) સમ્પાદક અને પ્રકાશક: શ્રી મૂળચંદ કિશનદાસ કાપડિયા–સૂરત. મૂલ્ય રૂ. ૪).

પોતાના ત્યાગ, તપશ્ચર્યા અને અપૂર્વ જ્ઞાનબળ માટે દિગમ્બર સમાજમાં અગ્રસ્થાન ધરાવતા આચાર્ય શાન્તિસૂરીશ્વરજીએ હૈદ્રાબાદના દિધુમ્બર તીર્થ કુંથલગિરિ પર યમસંલેખના ધારણ કરી અને ૩૩ દિવસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપવાસ બાદ હજારો ગુરુભક્તોની હાજરી વચ્ચે તા. ૧૮-૯-૫૫ના રોજ ૮૩ વરસની વયે તેઓશ્રી આ દુનિયા છોડી ચાલ્યા ગયા. આચાર્યશ્રીના દિગમ્બર સમાજ ઉપર ઘણાં ઉપકારો છે, એ ઉપકારોની સ્મૃતિરૂપ રોયલ આઠ પેજી ૨૧૦ પૃષ્ઠો અને ૭૫ ચિત્રો ધરાવતો આ દળદાર ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યો છે અને ૫૦ કાવ્યો અને ૭૫ લેખોનો તેમાં જ્ઞાન-સંભાર પીરસવામાં આવેલ છે.

જુદા જુદા લેખોમાં આચાર્યની જીવનસૌરભ રજૂ કરવામાં આવી છે. સં. ૧૯૨૯માં દક્ષિણના ભોજ ગામે તેઓશ્રીનો જન્મ થયો. સાતગોંડાના નામે તેઓ ઓળખાયા. નવ વરસની વયે છ વરસની કન્યા સાથે તેમના લગ્ન થયા અને છ માસમાં તેમના પત્નીનું અવસાન થતાં પોતે ત્યાગમાર્ગ અખત્યાર કર્યો; લાંબા કાળના દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના હસ્તે દિગમ્બર સંપ્રદાયનો મહાન્ શાસ્ત્રીય ગ્રંથ ધવળ-મહાધવળ ગ્રંથનો ઉદ્ધાર કરવામાં આવ્યો. તામ્રપટમાં પણ તે આળેખવામાં આવ્યો અને તેઓશ્રીના હસ્તે અનેક મુમુક્ષુઓને ત્યાગ અને તપશ્ચર્યાના માર્ગે ચઢાવવામાં આવ્યા. તેઓશ્રીની જીવનરેખાના આ મુદ્દાઓ આમાં ચર્ચવામાં આવ્યા છે તેમ જ તેઓશ્રીનું કુટુંબ ત્યાગ-માર્ગનું પરમ ઉપાસક હોઈ તેઓશ્રીના વડીલ બન્ધુ વર્ધમાનસાગર આજે ૯૪ વરસની વયે પણ મુનિધર્મને દીપાવી રહ્યા છે.

એકંદર સંપાદકે આ સ્મૃતિઅંક પ્રગટ કરીને યોગ્ય ગુરુભક્તિ કરી છે. રજૂ કરવામાં આવેલ સામગ્રીમાં ખુદ સ્વ. આચાર્યદેવના થોડા પ્રવચનોની પ્રસાદી આપવામાં આવી હોત તો તેઓશ્રીના વિચાર-પ્રદેશનો જનતાને સાથોસાથ પરિચય મળી રહેત.

રજૂ થએલ લેખોમાંથી એક ધ્વનિ એ પણ નીકળે છે કે દિગમ્બરત્વ એટલે પરમ ત્યાગનો માર્ગ અને આચાર્ય શાન્તિસૂરિ એટલે મહાન્ ત્યાગમૂર્તિ. આવી ત્યાગમૂર્તિના અભિષેક અને ભસ્મ પધરાવવાની વિધિમાં કેવળ શ્રીમંતાઇને જ અધિકાર શા માટે? વીતરાગનો ધર્મ પૈસાના ત્રાજવે તોળવાનું આપણને શોભે ખરું? ધર્મની સાથે વહેવારને એવી રીતે મિશ્ર કરી દેવામાં આવેલ છે કે પરિણામે ત્યાગ-માર્ગની ઉપાસના કરતા કરતા આપણે પોતે જ અર્થલોલુપતાના બંધનો બાંધી રહ્યા છીએ! આ રીતે રજૂ થએલ પ્રશ્નો જરૂર વિચારણા તો માગે જ છે.

---

# શોકજનક અવસાન

આ સભાના આજીવન સભ્ય શ્રીયુત વનમાળીદાસ ગોવિંદજી પારેખના ભાવનગરખાતે મહા વદ ૪ મંગળવારે પંચાવન વરસની વયે થએલા દુઃખદ અવસાનની નોંધ લેતાં અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

ધાર્મિક ભાવના અને વ્યવહારુ દૃષ્ટિ એ સદ્ગતના જીવનની વિશિષ્ટતા હતી. કૃષ્ણનગરના ઉપાશ્રયે પધારતા સાધુ-સાધ્વીની ભક્તિથી તેઓ સૌ કોઇને પોતાના બનાવી શકતા હતા. તેઓશ્રીના અવસાનથી આપણને એક ભાવનાશીલ ધર્મપ્રેમી સેવાભાવી ગૃહસ્થની ખોટ પડી છે. તેમના અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ વિયોગના દુઃખ માટે અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ અને સદ્ગતના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## જયન્તિ અને પ્રતિષ્ઠા

પુનાખાતે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક સ્વ. આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિને અંગે મહા શુ. ૯ ના રોજ આચાર્યશ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવેલ તેમજ અંગરચના, પ્રભાવના વગેરે શા. ન્યાલચંદજી તથા શા. અમ્રતલાલભાઈ તરફથી કરવામાં આવેલ.

બારસીખાતે નૂતન જિનાલય તૈયાર થતાં તેનું પ્રતિષ્ઠામુહૂર્ત વૈશાક શુદ ૩ નું આવતા બારસી સંઘ તરફથી આચાર્યશ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજ તથા મુનિશ્રી હીઁકારવિજયજી આદિને બારસી પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા માટેની વિનંતી કરવા મહા શુ. ૮ ના એક ડેપ્યુટેશન આવેલ. બારસીના વિનંતીનો આચાર્ય મહારાજે સ્વીકાર કર્યો છે અને થોડા સમયમાં આચાર્યશ્રી આદિ પૂનાથી વિહાર કરી વૈ. શુ. ૩ પહેલાં બારસી ટાઉન પધારશે.

## પાંચ આચાર્યની પધરામણી

આચાર્ય વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને દીક્ષા લીધાને ૩૭ મું વરસ બેસતું હતું તે નિમિત્તે સુરતખાતે તેઓશ્રીના ગુરુભક્ત શ્રી હેમચંદભાઈ અમીચંદ ઝવેરીને ત્યાં તા. ૨૨–૨–૫૬ ના રોજ આચાર્ય વિજયપ્રતાપસૂરીશ્વરજી, આચાર્ય માણિક્યસાગરસૂરીશ્વરજી, આચાર્ય હેમસાગરજી, આચાર્ય પ્રીતિચંદ્રસૂરિજી તથા આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ—આમ પાંચ આચાર્યવર્યોને પોતાને ત્યાં ખાસ નિમંત્ર્યા હતા.

આ પ્રસંગે અમીપરામાં પોતાના મકાન પાસે ખાસ મંડપ ઊભો કરવામાં આવેલ અને આચાર્યવર્યોના વ્યાખ્યાનો યોજવામાં આવેલ. એક સાથે પાંચ આચાર્યવર્યો આમ એકત્ર થવાથી વાતાવરણ આનંદજનક દેખાતું હતું. દરેક આચાર્યોએ ધર્મની મંગળ ભાવના, અહિંસા, સત્ય, સંયમ અને ત્યાગનું સ્વરૂપ પોતપોતાની લાક્ષણિક શૈલીએ સમજાવ્યું હતું, જેની જનતા ઉપર સારી છાપ પડી હતી.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ એક એક રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી.

## જન્મદિન પ્રસંગ

પૂ. મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્ય મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજના જન્મદિન અંગે તળાજાખાતે મહા શુદિ ૧ ના રોજ સવારે વ્યાખ્યાન હૉલમાં મેળાવડો યોજવામાં આવતાં પ્રો. ખીમચંદ ચાં. શાહ તથા શ્રી ગુલાબચંદ લ. શ્રી અમરચંદ મા. શાહ આદિએ સાહિત્યોપાસક મુનિશ્રી જંબુવિજયજી મહારાજની સાહિત્યોપાસના તથા નયચક્રસારના જેવા મહાન્ ગ્રંથના સંપાદન માટે તેઓશ્રી કેવો અપૂર્વ લાભ લઈ રહ્યા છે તે બાબત તેમ જ તેઓશ્રીનાં યોગપ્રિયતા અંગે વિવેચનો કર્યા હતા. ત્યારબાદ મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજે જંબુવિજયજીની સાહિત્યોપાસનાના કેટલાક પ્રસંગો રજૂ કરી તેઓ તેમના કાર્યમાં દિનપ્રતિદિન પ્રગતિ કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ભાવનગરથી શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ તથા વડવા સંઘના આગેવાનો ખાસ ગુરુભક્તિ અંગે આવ્યા હતા.

આ નિમિત્તે બપોરના પૂજા ભણાવવામાં આવી હતી.

ઉભય મુનિવર્યો અત્રેથી દાઠા થઈ મહુવા તરફ પધાર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# નિર્ભય બનો, ઊઠો અને મુક્ત થાઓ

ભય એ જ મૃત્યુ છે, ભય એ જ પાપ છે, ભય એ જ નરક છે, ભય એ જ અધર્મ છે, ભય એ જ વ્યભિચાર છે. જગતમાં જેટલી અસત્ અથવા મિથ્યાભાવના છે તે સર્વે ભયરૂપી શયતાનમાંથી પ્રકટ થયેલ છે. જીવનનું સમગ્ર રહસ્ય નિર્ભય થવું એ જ છે. 'હાય, મારું શું થશે?' એવો કદિ પણ ભય રાખશો નહિ. બીજા કોઈના ઉપર વિશ્વાસ રાખશો નહિ. જ્યારે તમે બીજાની સહાય મેળવવાની આશા-વિશ્વાસ તજી દેશો તે ક્ષણથી જ તમે મુક્ત થશો. પોતાને દુર્બળ માનવો એ સર્વ કરતાં મહાન્ પાપ છે. તમારા કરતાં બીજું કોઇ પણ મહાન્ નથી. તમે બ્રહ્મસ્વરૂપ છો એવું ખત્રીપૂર્વક માનો અને બ્રહ્મદર્શન કરો.

કેવળ આપણા શાસ્ત્રમાં જ ભગવાનને 'અભય' અને 'નિર્ભય' એવું નામ આપવામાં આવ્યું છે. આપણે અભય, નિર્ભય થવું જોઇએ. નિર્ભય થતાં આપણાં સર્વ કાર્યો સિદ્ધ થશે. મનુષ્ય જાતિના ઇતિહાસમાં જોવામાં આવે છે કે જે કોઈ શક્તિનો વિકાસ થયો છે તે સર્વસાધારણ મનુષ્યમાં જ થયો છે. જગતમાં જેટલા મહાન્ પ્રતિભાસંપન્ન પુરુષો જન્મ્યા છે તે સર્વે સાધારણ લોકોમાંથી જ જન્મ્યા છે. જે ઇતિહાસમાં એક વખત બન્યું છે તે પુનઃ બનવા પામશે. કોઇ પણ વસ્તુથી ભય પામશો નહિ. અભય બનશો તો તમે અદ્દ્ભુત કાર્ય કરી શકશો. જે ક્ષણે તમારા હૃદયમાં ભયનો સંચાર થશે તે જ ક્ષણે તમે શક્તિશૂન્ય થઇ જશો. ભય એ જ જગતમાં સર્વ દુઃખોનું કારણ છે. ભય એ જ સર્વથી મહાન્ કુસંસ્કાર છે. તમને કોણ દુર્બળ કહી શકે તેમ છે? તમને કોણ ભય પમાડી શકે તેમ છે? એક માત્ર તમે જ જગતમાં સર્વત્ર વિરાજી રહેલ છો તે કેમ ભૂલી જાઓ છો? તમને કોનો ભય લાગે છે? સર્વત્ર તમારો જ આત્મા-એક જ આત્મા વિરાજી રહેલ છે તે કદી પણ ભૂલશો નહિ. અણુઅણુમાં તે જ એક ચેતનતત્ત્વ-આત્મતત્ત્વ છે. પછી ભય કોને? ભય કેવો? માટે જ કહું છું કે—

"નિર્ભય બનો, ઊઠો અને મુક્ત થાઓ"

—સ્વામી વિવેકાનંદ

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only